# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.9 - Issue 2
February 2016
Retail Price 10/-






પાલનપુર ખાતે 'જીવનનો એક્સ રે' કાર્યક્રમમાં બ્ર.કુ. શિવાનીબેન, બ્ર.કુ. ડૉ. બનારસીભાઈ, બ્ર.કુ. સરલાબેન, ધારાસભ્ય ભ્રાતા મહેશભાઈ પટેલ, બ્ર.કુ. ભારતીબેન, બ્ર.કુ. રેણુકાબેન તથા આમંત્રિત મહેમાન ભાઈ–બહેનો.




જૂનાગઢ ખાતે 'વાહ જીંદગી વાહ' કાર્યક્રમમાં બ્ર.કુ. ઉષાબેન, મેયર ભ્રાતા જીતુભાઈ હીરપરા, બ્ર.કુ. દમયંતીબેન, બ્ર.કુ. બીનાબેન.



સુરત ઓલપાડ સેવાકેન્દ્રના 'દશાબ્દી મહોત્સવ'માં વાયબ્રન્ટ સ્કુલનાં ચેરમેન ભ્રાતા ડૉ. દિપકભાઈ, બ્ર.કુ. વિક્રમભાઈ, બ્ર.કુ. ગીતાબેન.




વડોદરા સોમાતળાવ સેવાકેન્દ્રમાં સંસ્થાના મુખ્ય પ્રશાસિકા દાદી જાનકીજીના ૧૦૦ વર્ષના પ્રસંગે મ્યુ. કૉરપોરેટર ભગિની અલ્કાબેન, બ્ર.કુ. રાજબેન, કૉરપોરેટર ચંદ્રકાન્તભાઈ, ભગિની હેમાંગીબેન.



કેશોદ ખાતે સંસ્થાના મુખ્ય પ્રશાસિકા દાદી જાનકીજીના ૧૦૦ વર્ષની ઉજવણી પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ ભગિની લાભુબેન, બ્ર.કુ. રુપાબેન, ભ્રાતા યોગેશભાઈ સાવલીયા તથા બ્ર.કુ. દુષ્યંતભાઈ.



સુરત વરાછા સેવાકેન્દ્રમાં પધારેલ નવનિયુક્ત સુરત મહાનગર પાલિકાનાં મેયર ભગિની અસ્મિતાબેન શિરોયાનું શૉલથી સન્માન કરતાં બ્ર.કુ. તૃપ્તિબેન.



અમદાવાદ વટવા સેવાકેન્દ્રમાં ભારતીય પોલીસ સરાહનીય સેવા બદલ 'રાષ્ટ્રપતિ એવોર્ડ' વિજેતા PSI ભ્રાતા બત્રા પુનમમલ યાદવનું સન્માન કરતાં બ્ર.કુ. તારાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૯ ફેબ્રુઆરી-૨૦૧૬ અંક : ૦૨

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- નિશ્ચયનું બળ ..............................તંત્રી સ્થાનેથી...04
- વિશ્વમાં સામંજસ્ય, સદ્‌ભાવના ......બ્ર.કુ. જગદીશચંદ્ર...07
- સમગ્ર વિશ્વ સ્વીકાર્ય ભગવાન શિવ...બ્ર.કુ. વિઠ્ઠલભાઈ...12
- મનોબળ (આત્મવિશ્વાસ) ............બ્ર.કુ. રાધિકાબેન...16
- પ્રસન્નતાના પથ પર ...................બ્ર.કુ. શિવાનીબેન...17
- સત્યમ્ શિવં સુંદરમ્ ............................બ્ર.કુ. સૂર્ય...20
- નિયતિ અને માનવ ......................બ્ર.કુ. ગીતાબેન...23
- મને પ્રભુ પંથે દોરી જનાર ..............બ્ર.કુ. તૃપ્તિબેન...24
- સાર્વભૌમિક શાંતિ અને ............બ્ર.કુ. ગોદાવરીબેન...28
- સંગઠન ભાવનાનું નિર્માણ કરો, .......બ્ર.કુ. પ્રફુલ્લચંદ્ર...30
- અનુભવીમૂર્ત ભવ !.......................બ્ર.કુ. જયુભાઈ...32



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૦.૦૦ |
| **વિદેશમાં** | | |
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧૦૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું

**બ્ર. કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨, ૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 27621551



**મુદ્રક : રાજયોગિની સરલાદીદી**
**પ્રકાશક : બ્રહ્માકુમારી ઉષાબેન**


**સ્થાનિક સેવાકેન્દ્ર**

**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

લવાજમ મોકલવાનું, સરનામું બદલાયાની જાણ કરવાનું તથા પૂછપરછનું સરનામું નીચે મુજબ છે.


**ગુજરાત ઝોન મુખ્યાલય :**
બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ગામડીવાળા ડેરી સામે,
ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
Phone : 079 - 25324160, 25324460, 25324660

**પ્રકાશન સ્થળ :**
રાજયોગ ભવન, ૧, ચતુર્ભુજ કોલોની,
ગોરધનવાડીનો ટેકરો, કાંકરિયા, અમદાવાદ-૨૮.
Phone : 079 - 25431676

Email : gyanamrit.guj@gmail.com

# તંત્રી સ્થાનેથી

## નિશ્ચયનું બળ

જ્ઞાનમાર્ગમાં બાપદાદાએ જે ચાર નિશ્ચયની વાત કરી છે તેમાં (૧) બાપ (પરમાત્મા)માં નિશ્ચય, (૨) સ્વ (આત્મા)માં નિશ્ચય, (૩) ડ્રામા (સૃષ્ટિનાટક)માં નિશ્ચય અને (૪) પરિવાર (ઈશ્વરીય)માં નિશ્ચય છે. જે રાજયોગી સાધકનો પાયો યા આધાર સ્તંભ છે. આ ચારે નિશ્ચયની પરિપક્વતાના આધારે જ અનુભૂતિ અને પ્રાપ્તિઓનાં દ્વારો ખુલે છે.

મીઠા બાબાએ આપણને ભિન્ન ભિન્ન સ્વમાનોની સ્મૃતિ અપાવી છે. જો તેની સ્મૃતિ દરેક સંકલ્પ, કર્મમાં રહે તો સફળતા અવશ્ય મળી શકે છે. નિશ્ચયનું બળ ટકી રહે, તો રાજયોગી જીવનમાં ઊર્ધ્વગતિની યાત્રા નિરંતર ચાલુ રહે છે.

થોડાં વર્ષો ઉમંગ ઉત્સાહથી જ્ઞાનમાં ચાલનાર, પોતાનાં પ્રવચનોમાં બાબાની, યજ્ઞની, ઈશ્વરીય પરિવારની સઘન પ્રશંસા કરનાર આત્માઓ પણ જ્યારે માયાને વશીભૂત થઈને જ્ઞાનમાર્ગમાં શિથિલ બને છે ત્યારે તેનું ચિંતન થાય છે. બાબાના સમયે પણ બાબા જેને મહત્ત્વપૂર્ણ આત્માઓ સમજતા હતા, જેમને મરજીવા જન્મનું નવું નામ આપવામાં આવ્યું હતું. તેઓ પણ ડ્રામાના પોતાના પાર્ટ અનુસાર માર્ગથી ફંટાઈ ગયા. સેવાકેન્દ્ર ચલાવનાર, અનેક આત્માઓની જ્યોતિ જગાડનાર, નામીગ્રામી સાધકો પણ રાજયોગથી ફંટાઈને જૂની પુરાણી દુનિયાના વાતાવરણમાં ગરકાવ થઈ ગયા.

કોઈપણ હકીકતનું વિશ્લેષણ કરવાથી તેની પૂરી સમજ મળે છે. મારા ચિંતન અને અવલોકન અનુસાર નીચેનાં પરિબળો મહદ્અંશે જવાબદાર છે. તેમાં ભિન્નતા પણ હોઈ શકે. કોઈપણ વિચારની અસંમતિ વિરોધ કે વિદ્રોહના બની શકે. લોકશાહીમાં સમ્યક્ વાણી સ્વાતંત્ર્યનો અધિકાર છે.

### (૧) સંગદોષ

સૌથી અસરકારક પરિબળ સંગદોષ છે. આ દુનિયામાં રાગ અને ત્યાગ એ બંને દિશાઓ છે. જેઓ વ્યસનો, વિકારોથી વશીભૂત છે. જેઓ વ્યર્થનાં આંદોલનો સર્જવામાં સમર્થ છે. જેઓ રાજયોગી જીવનની ધારણાઓ અને મર્યાદાઓથી વિરુદ્ધ વિચારો ધરાવે છે. જેઓ ઉપર મનોરંજન સૃષ્ટિ, ક્લબ કલ્ચરનો પ્રભાવ છે તેઓને રાજયોગી સાધકોના જીવન પ્રત્યે સન્માન નથી. ક્યાંક છૂપી ઈર્ષા પણ કારણભૂત છે. તેઓનો સંગ જ્યારે વધી જાય છે ત્યારે તેઓના વિચારોનો પ્રભાવ સાધકો પર અવશ્ય પડે છે.

કેટલાક સાધકો નિયમોમાં તો ચાલે છે પણ કોઈ સ્વભાવ, સંસ્કારની ટક્કર, વિચારોની ભિન્નતા જ્યારે આક્રમક બને છે ત્યારે તેનો અસંતોષ વિરોધ કે ખંડનાત્મક પ્રવૃત્તિઓ રૂપે વ્યક્ત થાય છે. પોતાની વાતના સમર્થનમાં ગમે તેના પણ કાન ફૂંકીને વ્યર્થતાનું વાયુમંડલ રચવામાં પ્રભાવશાળી બને છે. સંગદોષ યોગીની દિનચર્યા, આચરણ, કાર્ય, ચિંતન, જ્ઞાન અને યોગમાં શિથિલતા લાવે છે. સમય લંબાતાં તે જ્ઞાનથી વિમુખ થઈ જાય છે.

### (૨) દેહ અભિમાન

સંગદોષનો ખરાબ પ્રભાવ આત્મિક સ્થિતિ ભૂલાવીને દેહભાનમાં લાવે છે. દેહ અભિમાન પોતાનાં લૌકિક પદ, પ્રતિષ્ઠા, જાતિ, કુળ, સંપન્નતાની સતત સ્મૃતિ અપાવે છે. ઈશ્વરીય સેવાનાં કરેલાં કાર્યોની સભાનતા અપાવે છે. જેથી

પરદર્શન, પરચિંતન થાય છે. હું અને મારાપણાનો ભાવ તીવ્ર બનાવે છે. અભિમાન આવતાં અપમાન સહન કરી શકાતું નથી. જેના ફલસ્વરૂપે ક્રોધ જન્મે છે. આ રીતે યોગીનું પતન થાય છે.

### (૩) ઈશ્વરીય મર્યાદાઓનું ઉલ્લંઘન

જ્ઞાનમાર્ગમાં ચાલતાં ચાલતાં ભક્તિમાર્ગની જેમ જ્ઞાનમાર્ગ પણ યંત્રવત્ બની જાય છે. જ્ઞાન અર્થાત્ ગતિ એ ભુલાઈ જવાય છે. પારિવારિક સંબંધોની અનુભૂતિ કરાવનાર જ્ઞાની પરિવારો પણ જ્ઞાનની, યોગની, આધ્યાત્મિક ઉન્નતિની વાતો ભૂલીને દોષ દર્શન, ટીકા ટીપ્પણી, પરચિંતન, વ્યર્થતાનાં વમળોમાં જ્યારે જોડાઈ જાય છે ત્યારે તેમને તેમાં સ્થૂળ આનંદ આવે છે. આ પછી ખાનપાનની, પાયાના નિયમોની, મુરલી શ્રવણની, યોગની પ્રવૃત્તિમાં રસ ઘટવા લાગે છે. સમય પસાર થતાં ઈશ્વરીય નિયમો, મર્યાદાઓનું ઉલ્લંઘન થાય છે. **મન, વાણી, કર્મની એકરૂપતાથી જે મર્યાદાઓ માટે સન્માન હતું તેમાં કૃત્રિમ ભાવોની શરૂઆત થાય છે.** દેહભાન વધતાં જ માયા ભિન્ન ભિન્ન સ્વરૂપે એમને લલચાવે છે. આ રીતે પતનનો માર્ગ ખુલતો જાય છે.

### (૪) આળસ, બેદરકારી

સૂક્ષ્મશક્તિઓ દ્વારા સાધકે સ્થૂલ કર્મેન્દ્રિયો ઉપર આધિપત્ય સ્થાપિત કરવું જોઈએ. સ્વયં પર રુલીંગ પાવર અને કન્ટ્રોલીંગ પાવરના અભાવમાં આળસ તથા બેદરકારી જન્મે છે. માંદગી, આર્થિક સંકટ, કૌટુંબિક સમસ્યાઓ વગેરે સાધકમાં આળસ, બેદરકારી જન્માવી ઈશ્વરીય કાર્યોથી વિમુખ બનાવે છે. પછી કોઈ કોઈને નિમિત્ત સમજી તેના ઉપર દોષારોપણ કરવામાં આવે છે. આળસ એ માનવજાતનો શત્રુ છે એ ભૂલાઈ જવાય છે. માયા પણ આવી માનસિકતાનો પૂરો લાભ ઉઠાવીને જાગતી જ્યોતિ એવા સાધકને આળસમાં લપેટી લે છે.

## નિશ્ચયનું બળ ટકાવી રાખવાના ઉપાયો

### (૧) પરમાત્માના એક બળ એક ભરોસા પર રહેવું.

સંગમયુગના ચઢતીકળાના સોનેરી સમયમાં નિરંતર અતીન્દ્રિયસુખના ઝૂલામાં ઝૂલવું હોય તો રાજયોગીએ એક પરમાત્માના બળ અને ભરોસા ઉપર ટકવું જોઈએ. **આવો સાધક નિંદા-સ્તુતિ, માન-અપમાન, લાભ-હાનિમાં સમાન સ્થિતિમાં રહે છે. પરમાત્માના સમીપ સંબંધમાં રહી સર્વ પ્રાપ્તિઓ અને સર્વ સંબંધોની અનુભૂતિ કરી સિદ્ધિ સ્વરૂપ બની શકાય છે.** મેરા બાબા શબ્દમાં જ અદ્ભુત શક્તિ રહેલી છે જે બાબાને પસંદ હોય તેજ મારી પસંદ હોવી જોઈએ.

### (૨) ફોલો ફાધર

સાકાર બાબા, પ્રજાપિતા બ્રહ્માએ આપણી સામે પુરુષાર્થનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. બાબાની જીવનકથાના બે ભાગ અવિનાશી ખજાનાઓથી ભરપૂર છે. બાબાને અનુસરીને હદની ડાળીઓ છોડી ઉડતા પંખી બનવાનું છે. **બાબાએ સ્વસ્થિતિ અચલ, અડોલ, એકરસ રાખવાનું જ્ઞાન આપ્યું. હદની ઈચ્છાઓનો ત્યાગ કરવાનું શીખવાડ્યું. પાના થા સો પા લિયા, કામ બાકી ક્યા રહા નો મંત્ર આપી નિરાકારી, નિર્વિકારી, નિરહંકારી, નિર્વેર અને નિર્ભય બનવાનું શીખવાડ્યું.** મનસામાં નિરાકારી, વાચામાં નિરહંકારી અને કર્મમાં નિર્વિકારી અવસ્થા માટે ઉદાહરણરૂપ બન્યા. કોઈપણ કાર્ય ક્યારેક નહીં પણ અત્યારે કરવાનું શીખવાડ્યુ. ત્યાગ, સેવા કરીને ન્યારા બનવાની પ્રેરણા આપી. બાબા કહે છે **જ્યાં દરેક સંકલ્પમાં, દરેક કાર્યમાં નિશ્ચય છે ત્યાં વિજય અવશ્ય છે.**

### (૩) ડ્રામાની યથાર્થ સમજ

ડ્રામા (સૃષ્ટિનાટક) અદભુત છે. સ્વયં પરમાત્માને પણ ડ્રામા બેહદ પસંદ છે. ડ્રામામાં

સફળતાની વાતો હોય છે અને સમસ્યાઓ પણ આવે છે. પણ **ડ્રામાના યથાર્થ જ્ઞાન દ્વારા પળમાં સમાધાન સ્વરૂપ બની શકાય છે.** સમસ્યાઓનું નિવારણ થઈ શકે છે. આ છે નિશ્ચયબુદ્ધિ આત્માની ઓળખ. ડ્રામાની યથાર્થ સમજ ધારણ કરનાર સાધક નિર્વિઘ્ન, નિર્વિકલ્પ, નિર્માન અને નિર્મળ રહી શકશે. સર્વ પ્રકારનો પુરુષાર્થ કરી જે પરિણામ આવે તેને સાક્ષી ભાવે સ્વીકારવું તે ડ્રામા છે. વીતી ગયેલી વાત ડ્રામા છે.

### (૪) નિયમિત દિનચર્યા

રાજયોગી જીવનની દિનચર્યા ઈશ્વરીય નિયમો અને મર્યાદા અનુસાર નિયમિત હોવી જોઈએ. નિયમિત જ્ઞાન શ્રવણ અને યોગાભ્યાસથી પોતાની વૃત્તિને શ્રેષ્ઠ અને કલ્યાણકારી બનાવવી જોઈએ. રાજયોગી માટે નિયમિત દિનચર્યા શક્તિશાળી અને ચઢતીકળાની અનુભૂતિ કરાવે છે. **આ યુગની અનેકવિધ સમસ્યાઓના દાવાનળ વચ્ચે બ્રહ્માવત્સો સતોપ્રધાન નિદ્રા અને અતીન્દ્રિય સુખની અનુભૂતિ કરી શકે છે તે નિયમિત દિનચર્યાની ફલશ્રુતિ છે.**

### (૫) ગુણ ગ્રાહક વૃત્તિ

દત્તાત્રયે જેમ ભિન્ન ભિન્ન વસ્તુઓમાંથી બોધ લઈને ૨૪ ગુરુઓ બનાવ્યા હતા. મીઠા બાબા પણ દરેક બાબતમાં ગુણ ઉઠાવીને તેની પ્રશંસા કરતા હતા. આપણે પણ લૌકિક અલૌકિક પરિવારમાંથી, સંબંધ સંપર્કના આત્માઓમાંથી ગુણ ઉઠાવીને દિવ્યગુણોના ચૈતન્ય ગુલદસ્તા બનીએ. જેમ દોહામાં કહેવામાં આવ્યું છે કે

સાધુ ઐસા ચાહિયે જૈસા સૂપ સુભાય
સાર સારકો ગહૈ રહે, થોથા દેઉ ઉડાય.

અર્થાત્ **સાધુ (સજ્જન) સૂપડા જેવો હોવો જોઈએ. જેમ સૂપડું સારા દાણા પોતાની તરફ રાખીને કચરો ઉડાડી દે છે તે રીતે આપણે ગુણોનો સ્વીકાર અને અવગુણોનો ત્યાગ કરવો જોઈએ.**

### (૬) હકારાત્મક દૃષ્ટિકોણ

**ગમે તેવી પરિસ્થિતિમાં પણ હકારાત્મક દૃષ્ટિકોણ આપણને વિઘ્નોથી મુક્તિ અપાવે છે.** ગાળ આપનારને પણ ગળે લગાડવાની વાત બાબાએ કહી છે. ભૂલમાં પણ ભલુ જોવું. જેઓ પ્રભુ પસંદ છે. સદા ઊંચી સ્થિતિમાં સ્થિત રહે છે. જેઓ સહજયોગી, કર્મયોગી, કન્ટ્રોલીંગ પાવર, સમેટવાની શક્તિ, શક્તિશાળી મનસાસેવામાં વ્યસ્ત છે તેઓ હકારાત્મક દૃષ્ટિકોણથી વિઘ્નવિનાશક બને છે.

આ ઉપરાંત આદર્શ, મહાન આત્માઓના અનુભવો, પ્રવચનો, જીવનવૃતાંતોમાંથી પ્રેરણા લેવાથી આપણા નિશ્ચયને ટકાવી રાખવાનું બળ મળે છે. સાચા દિલનો પરમાત્મા પ્રત્યેનો પ્રેમ, સમર્પણભાવ આપણા નિશ્ચયને બળ આપે છે. શીતળ કાયાવાળા યોગી બનતાં વ્યર્થ આપણી સમક્ષ ફરકવા પણ શક્તિમાન નથી. આજે તો સંસ્થાનાં અનેક સામયિકો છે, ભિન્ન ભિન્ન ભાષાઓમાં સંસ્થાનું સાહિત્ય પ્રકાશિત થાય છે. મુરલીની સાથે આ સાહિત્યનું ઊંડું અધ્યયન પણ આપણને બળ આપે છે. આજે તો અનેકવિધ સાધનો ઉપલબ્ધ છે. વિશેષ પીસ ઓફ માઈન્ડ ચેનલ પણ આપણા નિશ્ચયને, અવસ્થાને ટકાવી રાખવા માટે ઘણું ભાથું પૂરું પાડે છે. આજના સાધક માટે તો સર્વ પ્રકારનાં અદ્યતન સાધનો, સુવિધાઓ ઉપલબ્ધ છે. જ્ઞાનના ભંડારો ભરેલા છે. માત્ર તીવ્ર પુરુષાર્થ દ્વારા આચરણમાં તેની અભિવ્યક્તિ કરીએ એજ શુભ ભાવના.

॥ ૐ શાંતિ॥

- બ્ર. કુ. કાલિદાસ


# વિશ્વમાં સામંજસ્ય, સદ્‌ભાવના અને સહ-સ્વરતા

(Universal Harmony)

**બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી**

આજે જનજનમાં અને સમાચારપત્રિકા-ઓમાં એ વાતની ચર્ચા થાય છે કે સમાજમાં વિભિન્ન મતોમાં માનનારા, જાતિઓ, સંપ્રદાયો, ભાષા બોલનારાઓ, વર્ણો અને વર્ગો ઈત્યાદિમાં પરસ્પર સદ્‌ભાવના અને સંસ્વરાત્મિકા (Harmony)ની અત્યંત આવશ્યકતા છે. સર્વ સભા-મંચો ઉપરથી પણ એ સ્વર અને આ આલાપ સાંભળવા મળે છે કે લડાઈ-ઝઘડાની વાતો છોડીને પારસ્પરિક સુમેળ, સંસ્વરતા અને સુસંવાદિતાને જ પ્રાથમિકતા આપવી જોઈએ. નહીંતર આજે દેશની શક્તિઓ અને ધન તથા સાધન ગરીબી, બીમારી અને લોકોનાં દુઃખ દર્દ દૂર કરવાને બદલે પરસ્પર ફૂટ, દંગાઓ અને દુશ્મનાવટને જ ઠીક કરવામાં ખર્ચાઈ રહ્યાં છે. આજે સર્વ જગાએ માનસિક તાણમાં એટલી વૃદ્ધિ થઈ છે કે સ્વસ્થતાથી અને શાંતિથી કામ કરવાનું વાતાવરણ જ સમાપ્ત થઈ રહ્યું છે. આજે ગરીબોનાં આંસુ લૂછવા, દૂર દૂરનાં ગામડાંઓમાં જીવનની આવશ્યક વસ્તુઓ અને સેવાઓ ઉપલબ્ધ કરાવવા, તથા દેશમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિનું વાતાવરણ સર્જવાને બદલે, સર્વ સ્થળે અણબનાવ, અલગતાવાદ, મનભેદ અને કટ્ટરવાદનું જે વાતાવરણ બનેલું છે, એને જોતાં સૌ એ વાતનો અનુભવ કરે છે કે આપણા પારસ્પરિક સંબંધો, રહેણીકરણીના માપદંડો તથા એકબીજા પ્રત્યે વ્યવહાર કરવાના વિધિ વિધાનોમાં પરિવર્તનની આવશ્યકતા છે. નહીંતર જે ગતિથી ઘૃણા, દ્વેષ, બદલાની ભાવના, અસહિષ્ણુતા અને હિંસાની આગ ફેલાઈ રહી છે, તેનાથી તો રાષ્ટ્રનાં સંગઠનો તથા જાનમાલને મોટું નુકસાન થઈ રહ્યું છે.

## સદ્‌ગુણો અને નૈતિક મૂલ્યોની સ્થાપનાની આવશ્યકતા



જો ગહનતાથી વિચાર કરવામાં આવે તો, આપણે જોઈશું કે સદ્‌ગુણ જ સુખનું મૂળ છે અને દુર્ગુણ જ દુઃખનો પિતા છે. જ્યાં પ્રેમ રૂપી સદ્‌ગુણ હોય છે ત્યાં એકતા, સદ્‌ભાવના, ભાઈચારો, પારસ્પરિક સહયોગ વગેરે પણ હોય છે અને તેનાથી ખુશીનું વાતાવરણ સર્જાય છે. તેના વિરુદ્ધ જ્યાં ઈર્ષ્યા, દ્વેષ યા ઘૃણા નામનો દુર્ગુણ હોય છે ત્યાં અલગતાવાદની ભાવના, પરસ્પર મતભેદ, ઝઘડા, બદલો લેવાની ભાવના અને તનાવ તથા અશાંતિનું વાતાવરણ હોય છે. આ રીતે જે સમાજમાં ન્યાયરૂપી સદ્‌ગુણ હોય, એ સમાજના લોકો એકબીજાને સન્માનની નજરે જુએ છે અને નિર્ભય બનીને એકબીજાની સાથે સદ્‌વ્યવહાર કરે છે અને ત્યાં સંતુષ્ટતા અને મિત્રતાનું વાતાવરણ સર્જાય છે. તેના વિરુદ્ધ જ્યાં અન્યાય, અત્યાચાર યા શોષણ હોય, ત્યાં વેર, વિરોધ, દુર્ભાવના અને દુઃખ જોવા મળે છે. આપણે એ પણ જોઈએ છીએ કે જ્યાં મધુરતા અને મિત્રતા હોય, ત્યાં સહઅસ્તિત્વ, સહયોગ અને સ્નેહ હોય છે અને જ્યાં કટુતા અને વૈમનસ્ય હોય ત્યાં સંદેહ, અવિશ્વાસ, અસહયોગ અને અણબનાવનું જ વાતાવરણ હોય છે. આ વિશ્લેષણથી આપણે એ નિષ્કર્ષ પર પહોંચીએ છીએ કે સદ્‌ગુણ અથવા નૈતિક મૂલ્ય જ સંવાદિતાના આધારરૂપ છે. જો દરેક વ્યક્તિ, વર્ગ અને વિભાગ યા પ્રભાગ

પોતાનાં કર્તવ્યને દિવ્યગુણો તથા નૈતિકમૂલ્યોને સાંકળીને કરે છે અને જાતિ- પેટા જાતિ તથા દેશ અને પ્રદેશની મર્યાદાનું પાલન કરે છે તો સમાજમાં સંવાદિતા જળવાઈ રહે છે. નહીંતર સુમેળ અને સામંજસ્યને ધક્કો લાગે છે અને દુઃખ, દરિદ્રતા, તોફાન તથા ધાંધલબાજીની જ બોલબાલા થાય છે. સંસ્વરતા, સંવાદિતા અને સામંજસ્યથી જ શાંતિ થાય છે અને તેના અભાવમાં અશાંતિ હોય છે તથા સમસ્યાઓ અને પ્રદૂષણ પેદા થાય છે. તેથી આપણે હવે એ વાત ઉપર વિચાર કરીશું કે દરેક વર્ગ તથા દરેક વ્યક્તિએ વિશેષ રૂપે કયા નૈતિક મૂલ્યો અથવા દિવ્યગુણોના પાલન ઉપર ધ્યાન આપવું જોઈએ જેથી સમાજમાં સમતુલન, સંતુષ્ટતા, શાંતિ અને શાલીનતા જળવાઈ રહે.

## ૧. ન્યાય - વ્યવસ્થા

અન્યાય, અત્યાચાર અને શોષણથી પીડિત વ્યક્તિ તો હાથમાં શસ્ત્રો ઉઠાવે છે અને મરવા-મારવા તૈયાર થઈ જાય છે. તે પોતાની સાથે બર્બરતા, અભદ્રતા, અવહેલના અને ન્યાયરહિત વ્યવહારને સહન ન કરીને વિદ્રોહ કરી બેસે છે અને એને લાગે છે કે સમાજનું આખું માળખું જ બોદું છે અને મનુષ્ય બીજાઓને પછાડીને સ્વયં સિંહાસન પર બેસવાની સ્પર્ધામાં અને દોડમાં લાગેલો હોય છે. ભાઈ પણ અન્યાયને કારણે ભાઈનો દુશ્મન બની જાય છે. તેથી સમાજમાં શાંતિ, સદ્ભાવના, સહસ્વરતા, સંવાદિતા માટે ન્યાય થવો તે બહુ જ જરૂરી છે. આજે નારીને સમાજમાં ઉચિત સ્થાન આપવામાં આવતું નથી. એટલે કેટલીયે મહિલા સંસ્થાઓ આ મુદ્દાને ધ્યાનમાં રાખીને કાર્યરત છે. દહેજ પ્રથાને કારણે નારીનું શોષણ પણ થાય છે. અને એના ઉપર આતંક અને અત્યાચાર પણ થાય છે. આ રીતે, સમાજના કેટલાક પછાત વર્ગોને દેશની સંપત્તિ, સાધનો અને સુવિધાઓમાંથી કોઈ ઉચિત ભાગ મળતો નથી. ગરીબ ગરીબીમાં જ ફસાયેલા રહે છે. ધનવાનો વધુ ધનવાન થાય છે. આમાં સામાજિક ન્યાય નથી, આર્થિક ન્યાય નથી. રાજનૈતિક ન્યાય પણ નથી કારણ કે કેટલાક લોકો એક પક્ષ છોડીને બીજા પક્ષમાં દાખલ થઈ જાય છે અને એ રીતે પોતાનો સ્વાર્થ શોધવામાં જ વ્યસ્ત રહે છે.

કાયદાઓ એટલા માટે બનેલા છે કે જો કોઈ વ્યક્તિ સંસ્થા, જાતિ યા સરકાર કાયદો તોડીને બીજાની સાથે અન્યાય કરે છે તો ન્યાયાલય પીડિત વ્યક્તિને ન્યાય આપે. ન્યાયાલયના ચુકાદાઓને અમલમાં લાવવા માટે પોલીસ, જેલ વગેરે સંસ્થાઓ છે. પરંતુ ન્યાય ઘણો મોંઘો છે અને ન્યાય મેળવવા જતાં ઘણા ધક્કા ખાવા પડે છે અને સમય પણ બહુ લાગે છે. વળી એક વાર ન્યાય ન મળે તો ક્રમશઃ મોટી અદાલતોના દરવાજા ખટખટાવા પડે છે. અને આ રીતે અન્યાયનો સામનો કરવો પડે છે.

તેથી જો વકીલ, ન્યાયાલયના કર્મચારી અને ન્યાયના માળખામાં કામ કરનાર વ્યક્તિ, કર્તવ્યપરાયણ થઈને સહાનુભૂતિપૂર્વક અને જલદી જલદી ન્યાય અપાવવામાં સહયોગ આપે અને ન્યાયાધીશ કોઈપણ પ્રકારના પ્રભાવ, પક્ષપાત, પૂર્વગ્રહ, ભેદભાવ તથા મનની મલિનતાથી મુક્ત થઈને ન્યાય આપે તથા પોલીસ, દંડ વ્યવસ્થા અને કાયદાનું પાલન કરાવવાની જવાબદારીવાળા કાર્યકર્તા સતર્કતા, ઈમાનદારી અને માનવતાને અપનાવીને કાર્ય કરે, તો આ સમાજનું માળખું ન્યાય પર ટકી શકે છે. નહીંતર ન્યાય વ્યવસ્થામાં ગરબડ થતાં સમાજનું માળખું કદી પણ સુદૃઢ બની શકતું નથી અને સમાજમાં સુમેળ જળવાતો નથી કારણ કે અન્યાયથી પીડિત લોકો ન્યાયને પોતાના હાથમાં લઈને હિંસા યા ધાર્યું કરતા રહેશે અને અપરાધવૃત્તિવાળાં તત્ત્વો

પણ નિર્ભય બનીને અપરાધ કરશે તથા દેશની સર્વ વ્યવસ્થાને દૂષિત કરી દેશે.

ન્યાય એક ઈશ્વરીય ગુણ છે. જે લોકો નિર્વિકાર અને નિરાધાર છે તે એટલો જ શુદ્ધ મનથી સાચો નિર્ણય આપી શકે છે અને નિર્ભય થઈને ન્યાયની વાત કરી શકે છે. જેના પર જેટલાંઓનું જેટલું અહેસાન હશે યા જેમાં જેટલી અપૂર્ણ આકાંક્ષાઓ છે યા જેનામાં જેટલો મોહ, મમત્ત્વ, મનની મલિનતા યા મતલબપરસ્તી છે. તે તેટલા તેનાથી પ્રભાવિત થઈને એટલો જ દૂષિત નિર્ણય આપશે અથવા તેમાં ફેરબદલી કરશે. તેથી આવશ્યકતા એ વાતની છે કે સ્વયં વ્યવસ્થામાં જોડાતાં પહેલાં એ સમજી લે કે તેઓ એક ઘણા જ મહત્ત્વપૂર્ણ અને ઈશ્વરપ્રિય મહાનકાર્યમાં જોડાયેલા છે એટલે તેઓ પોતાના મનને ધોઈને, હાથને સાફ કરીને, પ્રકાશમાં આવીને, ન્યાયનું કાર્ય કરે અને એ યાદ રાખે કે જો કોઈ ખોટું કાર્ય કરે છે, સ્વયંને અજાગ્રત રાખે છે યા ન્યાયનું ખૂન કરે છે, તો ઉપરવાળો (ઈશ્વર) તેને છોડશે નહીં. છેવટે તેને સ્વયં ધર્મરાજના દરબારમાં પોતાનો ન્યાય તોલાવવો પડશે. અને ત્યાં વકીલ નહીં હોય, ખોટી દલીલો ખોટા સાક્ષીઓ નહીં હોય ત્યાં ખોટી કાર્યવાહી ચાલી શકશે નહીં. કાયદાની છટકબારીનો લાભ મળશે નહીં. ભલામણ, નોટોની થેલીનું ત્યાં કામ ચાલશે નહીં. ત્યાં માનવનું થર્મોમીટર એટલું સ્પષ્ટ દેખાશે કે અંધ પણ તે જોઈ શકે. તેથી જ્યાં સુધી ન્યાયની સાથે શાશ્વત કર્મવિધાનને યાદ કરવામાં નહીં આવે ત્યાં સુધી ન્યાય 'મત્સ્ય ન્યાય' જ બની રહેશે અને લોકો માનવની હાલત બગાડશે. આવું હશે ત્યાં સુધી ન્યાયાલય હશે પરંતુ ન્યાય મળશે નહીં. અને ન્યાય મળશે તો પણ મનને સંતોષ મળશે નહીં.

તેથી ન્યાય વ્યવસ્થાના પવિત્ર કાર્યમાં જોડાયેલા લોકોએ એ યાદ રાખવું જોઈએ કે લડાઈ ઝઘડાઓ કુશળતાપૂર્વક સમાપ્ત કરવા અને શાંતિ તથા કાયદાની સ્થિતિ જાળવી રાખવી એ એમનો ધર્મ છે નહીંતર સમાજમાં અરાજકતા થઈ શકે અને ખુલ્લેઆમ અપરાધ હશે તથા જીવવું કઠિન બની જશે.

## ૨. પ્રશાસનિક વ્યવસ્થા

સમાજ (Society) અને ટોળા (Mob) માં એક એ મોટું અંતર છે કે સમાજમાં સંગઠ્ઠન હોય છે અને વ્યવસ્થા હોય છે અને સમાજના લોકોએ કોઈ સંસ્કૃતિ, સભ્યતા અને મૂલ્યોનો સ્વીકાર કરીને એક સાથે રહેવાનો નિર્ણય કરેલો હોય છે. જો આ વ્યવસ્થા જ ભાંગી પડે તો અસામંજસ્ય, (Confusion) અવ્યવસ્થા (Disorganisation) અને ખળભળાટ મચી જશે અને કોઈને સમજાશે નહીં કે શું કરવું, અને બીજાઓ સાથે કઈ રીતે સુમેળ જાળવવો. ત્યારે શિસ્ત પણ નહીં હોય અને કાર્ય પદ્ધતિ પણ નહીં હોય. તેથી પ્રશાસન વ્યવસ્થા તો સમાજને સંગઠિત, સુવ્યવસ્થિત કરવા તથા કાર્યને સુચારુ રીતે કરવા માટે અતિ આવશ્યક છે. અને પ્રશાસક તથા પ્રશાસન અધિકારી એ સંગઠ્ઠનનું યોગ્યતાપૂર્ણ નેતૃત્ત્વ કરનાર, દિશાનિર્દેશ આપનારા અને પરસ્પર સામંજસ્ય જાળવી રાખવા માટે જાગૃત અને કુશળ કાર્યકર્તા, કાર્યવાહક, કાર્યનિરીક્ષક, અધીક્ષક તથા પ્રબંધક હોય છે.

પરંતુ જો કોઈ પોતાની જ ઈન્દ્રિયો ઉપર શાસન કરી ના શકે, પોતાના જ સંકલ્પો-વિકલ્પોનો નિરીક્ષક, અધીક્ષક, સમીક્ષક અને પ્રબંધક બની ના શકે, તો તે બીજાઓ માટે પ્રશાસન વ્યવસ્થા કઈ રીતે બનાવી શકશે ? જેના ઘરમાં જ ગોટાળો હોય અને જેનું મન જ અવ્યવસ્થિત હોય તે ગોટાળાને દૂર કરીને

વ્યવસ્થા કઈ રીતે લાવી શકશે ? જેનો પોતાના જ મન અને બુદ્ધિમાં સંઘર્ષ ચાલતો હોય તે કર્મચારીઓમાં સુમેળ કઈ રીતે લાવશે ? જેનું હેડ (મસ્તિષ્ક) એક વાત કહેતું હોય. હાર્ટ (હૃદય) કંઈક જુદું જ કરવા ઈચ્છતું હોય અને હેન્ડ (હાથ) કંઈક જુદું જ કરી દે તો આવો માણસ ત્રણ અલગ જ તાલ કરશે. જેનાં વિવેક, ભાવના અને કર્મમાં જ મેળ નથી, તે કેવો ખેલ ખેલશે. તે તો ફેઈલ જ (Fail) થશે યા જેલ જ જશે. જેનું મન, વચન, કર્મ એક હોય અને નેક હોય તે તો વ્યવસ્થા કરી શકશે. તેથી એડમિનિસ્ટ્રેટર (Administrator) પોતાની મિનિસ્ટ્રી પહેલાં ઠીક કરે. અર્થાત્ પોતાની નિર્ણય શક્તિ, ઈચ્છાશક્તિ તથા કર્મશક્તિમાં સામંજસ્ય પેદા કરે અને પોતાની ઈન્દ્રિયો ઉપર કુશળતાપૂર્વક શાસન કરે. એટલા માટે તે યોગ શીખે અને યોગના પ્રયોગ કરે તો કર્મ કુશળતાપૂર્વક થશે અને પોતાની અવસ્થા ઠીક થવાથી વ્યવસ્થા પણ ઠીક થશે. નૈતિકતાપૂર્ણ વ્યવહાર કરવાથી તે નેતૃત્ત્વ (Leadership) પણ ઠીક કરી શકશે અને સ્વયં પર શાસન હોવાથી પ્રશાસન, અધિશાસન તથા શાસન-અનુશાસન પણ ઠીક રીતે ચાલશે.

### ૩. રાજનીતિક વ્યવસ્થા

સંગઠિત અને વ્યવસ્થિત કોઈક તો શાસન-વ્યવસ્થા હોય છે જ. દરેક દેશનું પોતાનું બંધારણ હોય છે અને શાસનનું માળખું હોય છે. આજે તો રાજનીતિક દળ જ લગભગ દરેક દેશના શાસનની ધુરા પોતાના હાથમાં સંભાળે છે. કોઈપણ દેશ યા પ્રદેશના લોકોની શાસનકાર્યની જવાબદારી લેવી એક ઘણી મોટી વાત છે. આ કાર્ય તો એજ કરી શકે છે જેનું પહેલાં સ્વયં પર શાસન હોય. એટલે મહાત્મા ગાંધી પણ પહેલાં સ્વરાજ્ય લાવવા ઈચ્છતા હતા અને એના માધ્યમથી રામરાજ્યની સ્થાપનાની વાત કહ્યા કરતા હતા. જો મનુષ્યના મન ઉપર માયા અથવા રાવણનું રાજ્ય હોય તો તે રામરાજ્ય કઈ રીતે ચાલી શકશે ? જે મનુષ્યના મનરૂપી સિંહાસન પર કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર યા આળસ વિરાજમાન હોય, ત્યાં રામ કઈ રીતે બેસી શકશે?

આજે તો દેશમાં અનેક દળ છે અને સમગ્ર સમાજ જ દળ દળનો બનેલો છે. તેમાં જે કમળ સમાન હોય, નૈતિકતાની નીતિમાં નિપુણ હોય એને રામરાજ્ય યા સ્વરાજનો નકશો પોતાના જીવનમાં ચરિતાર્થ કરે, તે સાચો રાજનીતિક નેતા છે. નહીંતર જે પોતાનું જ નેતૃત્ત્વ નથી કરી શકતો અને પોતાની ઈન્દ્રિયોનો ગુલામ છે, તે નેતા કેવો? જેને પોતાના મનના વિકારોથી મુક્તિ મળી હોય એવા જ મંત્રીના નેતૃત્વની આજે આ સમાજને જરૂર છે.

જો રાજનીતિક નેતા જ જાતિ, સંપ્રદાય, વર્ણ વર્ગ આદિ ભેદભાવને મનમાં જાળવી રાખશે અને માત્ર પોતાના જ કુટુંબ-પરિવારના લોકોનું જ વિચારશે તો દેશમાં તોફાનો અને અલગતાની માંગણીઓ જ થશે. તેથી આવશ્યકતા એ વાતની છે કે રાજનીતિક નેતાનું પોતાનું વ્યક્તિત્વ સુસંગઠિત (Integrated Personality) હોય, એનું પોતાનું જ ચિંતન, વ્યવહાર અને આચાર સામંજસ્યયુક્ત (Harmonious) હોય. નહીંતર સમાજમાં અવ્યવસ્થા, અસમતુલા, ઉપદ્રવ, મનની દુર્બળતા, વિસંવાદિતા (Disharmony) જ થશે.

જો નેતા કેવળ સત્તાલોભ, શક્તિલોભ, સન્માન લોભ યા આર્થિક લોભને વશીભૂત થઈને કાર્ય કરશે તો તે દેશનું કે પોતાનું ભલું કરી શકશે નહીં. તેના બદલે જો તેઓ સર્વજન સુખાય, સર્વ જન હિતાય સેવા સમજીને કાર્ય કરશે તો તેઓ જનતાના આશીર્વાદ પ્રાપ્ત કરી શકશે. સ્વયં પણ સંતુષ્ટ થશે અને દેશ પણ તેનાથી સંતુષ્ટ થશે.

## ૪. ઉદ્યોગ, વ્યાપાર અને વાણિજ્ય વ્યવસ્થા

મનુષ્યને ઘરબાર, કાર્ય વ્યવહાર, ખાનપાન, રહેણીકરણી ઈત્યાદિ માટે કંઈક તો સામાન જોઈએ જ. કોઈ ઠામ ઠેકાણું, થાળી-લોટા, ચા-ખાંડ, કોઈ ચાદર-પથારી વગેરે કંઈક તો જોઈએ જ. આ સર્વ ચીજો વેપારીઓ પાસેથી ખરીદવામાં આવે છે. અને વેપારીઓ કેટલાયે પ્રકારનો માલ કારખાનાવાળાઓ પાસેથી લે છે. એમાં પૈસાની લેવડદેવડ થાય છે. અને લાભ યા ખોટ સામે રહે છે. પરંતુ લાભ જો યોગ્ય મર્યાદા ઓળંગીને લોભનું સ્વરૂપ લઈ લે તો તે સમાજને પતનની ખીણ તરફ લઈ જાય છે અને વેચનારા તથા ખરીદનારા બંને માટે દુઃખનું કારણ બની જાય છે. કારણ કે સમગ્ર માળખું બગડી જવાથી સૌને સહન કરવું પડે છે.

પરંતુ ધનમાં ખરીદ કરવાની શક્તિ છે અને સુખ મેળવવા કેટલીયે ચીજોની જરૂર પડે છે. તેથી દરેક વ્યક્તિનું મન એ ઈચ્છે છે કે તેની પાસે વધારે ધન હોય. જેથી તે અધિક પ્રમાણમાં સુખની સામગ્રી મેળવી શકે. એ સિવાય ધનવાન પાસે વધારે સાધનો જોઈને, સમાજમાં કાર્ય કરાવવાની એની વધારે ક્ષમતા જોઈને, લોકો ધનિક વ્યક્તિને વધારે માન આપે છે. અને પોતાની પણ કંઈક જરૂરિયાતો માટે એની પ્રશંસા કરે છે. એટલે પણ ધનિક લોકોને વધારે ધન મેળવવાની ઈચ્છા જન્મે છે. તથા સમાજમાં જે ધનિક છે તેનાથી પણ વધારે ધનિક બનવાની સ્પર્ધા થાય છે. આના પરિણામે ઉદ્યોગ અને વેપારમાં જોડાયેલી વ્યક્તિઓ સામે એ પ્રલોભન રહે છે કે તેઓ સારું કે ખોટું, કોઈપણ રીતે વધારેમાં વધારે ધન એકઠું કરે. મતલબ કે ધન કમાવવું એ જ એમના જીવનનો ધંધો અને લક્ષ્ય બની જાય છે. તેઓ સાધન અને લક્ષ્ય વચ્ચેનું અંતર ન સમજીને સમીકરણ કરી દે છે અને 'રામ રામ'ને બદલે 'દામ-દામ' જપવા લાગે છે અને રામરામ પણ એટલા માટે જપે છે કે તેનાથી અહીં પણ ધન મળે અને આગળ પણ ધન મળે.

આમ જોઈએ તો ધન એ કોઈ ખરાબ ચીજ નથી. પરંતુ બીજાને હક ના આપીને, શોષણ કરીને, અન્યાય પૂર્વક યા અનૈતિકતાથી કમાયેલું ધન તો મીઠા ઝેર જેવું છે. જેનો ધીમે ધીમે પ્રભાવ પડે છે. આત્માના અવાજને દબાવીને, આત્મહત્યા કરનારું જીવન શું સુખમય જીવન બની શકે છે ?

વ્યાપારી લોકો પોતાની ગાદી પાસે લખે છે શુભ લાભ. પરંતુ આ લાભ જો લોભમાં બદલાય જાય તો શુભને બદલે અશુભ થઈ જાય છે. ઉદ્યોગ અને વ્યાપાર તો સમાજનો પ્રાણ છે. એના વગર તો સંસારની ગાડી ચાલતી જ નથી. વ્યાપાર, વાણિજ્ય અને ઉદ્યોગમાં લાભ ન હોય તો સમાજસેવાનાં મોટાં મોટાં કાર્યો પણ કદી થઈ ના શકે. સ્કૂલ, હોસ્પિટલ, અનાથાલય વગેરે પણ બની ના શકે. પરંતુ જો આ ધંધામાં પ્રામાણિકતા ન હોય, કર્મચારીઓને એમનો ભાગ ન્યાયપૂર્વક આપવામાં ન આવે અને સમાજસેવા કરવામાં ન આવે તો તે સમાજ નષ્ટ થઈ જાય છે કારણ કે ભ્રષ્ટાચાર સૌને ડૂબાડે છે.

જો સમાજમાં શોષણ હશે, ભેળસેળ, બનાવટ અને અનુચિત નફાખોરી હશે તો હલચલ થશે જ. ઔદ્યોગિક શાંતિ નહીં રહે. કર્મચારી હડતાલ કરશે, ખરીદનાર પણ અસંતુષ્ટ હશે અને સમાજમાં અસામંજસ્ય જોવા મળશે. તેથી આવશ્યકતા એ વાતની છે કે વ્યાપાર અને ઉદ્યોગનો પાયો ઈમાનદારી અને ન્યાય પર હશે અને લોભને બદલે ઉચિત લાભ ને જ સામે રાખવામાં આવે અને સમાજના હિતોનું પણ ધ્યાન રાખવામાં આવે.

(વધુ આવતા અંકે)

# સમગ્ર વિશ્વ સ્વીકાર્ય ભગવાન શિવ

## બ્ર.કુ. વિઠ્ઠલભાઈ રીઝીયા, લાઠી

પરમાત્માની બાબતે આજસુધી મતમતાંતર રહ્યા હતા. પેલા આંધળાઓને હાથી કેવો હોવાનો અભિપ્રાય પૂછતા પહેલા તેમને આખો હાથી ચકાસવા દીધો હોત તો હાથી થાંભલા - દોરડા કે સુપડા જેવો હોવાના અભિપ્રાય ન મળ્યા હોત.

''આજે આખા વિશ્વને સ્વીકાર્ય ભગવાન કોણ? રહેઠાણ ક્યાં.. નામ, રૂપ કેવું ...અવતરણ ક્યારે... શા માટે ?''ના આજસુધી અનુત્તર રહેલા પ્રશ્નોના ઉત્તરો પ્રવર્તમાન સમાજે સ્વાનુભવથી મેળવી લીધા છે. તેઓ જાણે છે કે...

પરમાત્માની ખુદની દિવ્ય વાણી - શ્રેષ્ઠ મતનો સંગ્રહ એટલે 'શ્રીમત ભગવત ગીતા' જેનો સમગ્ર વિશ્વની ૧૪૦૦ ભાષાઓમાં અનુવાદ થયો છે. અદાલતોમાં પણ આદર મળે છે. તેમાં શ્રીકૃષ્ણના માધ્યમ દ્વારા ખુદ પરમાત્માએ પોતાનો પરિચય આપતાં જણાવ્યું કે...

''હું અજન્મા, અજર, અમર, અભોક્તા છું.'' એના આધારે સમગ્ર સમાજ એવું માનતો થયો કે ''ભગવાનનો કદિ જન્મદાત્રીના ઉદર-કૂખથી જન્મ ન હોય. જન્મ ન હોય તેને વૃદ્ધાવસ્થા કે મૃત્યુ પણ ન હોય અને સ્વાભાવિક રીતે જન્મ ન હોય તે હસ્તીને ક્ષુધા-તૃષા ન હોય. તેના કોઈ માતા-પિતા કે ગુરુ ન હોય. તેની સાથે એવી સમજ પણ આવી કે ભગવાન સૌથી ઉપર રહેતા હોય. તેથી વાતવાતમાં ભગવાનની બાબતમાં 'ઉપરવાળા' કહીને સીધી આકાશ તરફ આંગળી ચીંધતા થયા.

વાત અહીં અટકતી નથી. જ્યારે ભગવાન ઉપર રહેતા હોવાનું સમાજ માને છે ત્યારે એકવાત નક્કી થાય કે 'ભગવાન અહીં રહેતા નથી...' અને તેથી 'કણકણમાં ભગવાન'ની માન્યતા ભૂલ ભરેલી લાગે. હા, તેનો પ્રભાવ હોઈ શકે. જેમ એક ઓરડામાં દીપક જલતો હોય તો તેનો પ્રકાશ આખા રૂમમાં ફેલાય. તેનો અર્થ એવો નહીં કે આખા ઓરડામાં દીપક છે.

હવે જ્યારે ભગવાન અહીં રહેતા નથી ત્યારે ભગવાન જ્યાં રહેતા હશે ત્યાંથી તેને અહીં ધરા પર આવવાનું બનતું હશે. અને જો તેમજ હોય તો તેનો સમય... કેવી રીતે.. અને આવવાનું કારણ... પણ નક્કી અને સ્પષ્ટ હોય અને તેથી સમય બતાવતા ગીતામાં કહ્યું કે ...'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત..' અને કારણ બતાવતા કહ્યું કે 'ધર્મ સંસ્થાપનાર્થાય..' આટલું કહીને ભગવાન અટક્યા નથી. પોતાના અવતરણની રીત બતાવતા કહ્યું કે 'હું કોઈ સુપાત્ર મનપસંદ વ્યક્તિના માધ્યમ દ્વારા કોઈની કૂખ નહીં પરંતુ તેના મુખ દ્વારા મારા આવવાનો અણસાર આપું છું અને તેથી મને ઓળખવો જરા કઠિન પડશે. 'કોટિમાંથી કોઈ અને તેમાંથી પણ કોઈ ભાગ્યશાળી જ મને ઓળખી શકશે.'

વળી શ્રી કૃષ્ણના માધ્યમ દ્વારા ખુદ ઈશ્વરે આપેલી આ શ્રીમત કોઈ સંકુચિત વૃત્તિથી નહિં જોતા. 'કુરુક્ષેત્રના મેદાનમાં નહિ પરંતુ વ્યક્તિના કર્મક્ષેત્રમાં ઉભીને માત્ર અર્જુનને નહીં પરંતુ સમગ્ર સમાજનું પ્રતિનિધિત્વ કરતા અર્જુનને કહ્યું કે 'ઓટે સો અર્જુન... અર્થાત્ જે મારી શ્રીમતને અનુસરે તે અર્જુન...' અને અનુસરવા માટે પણ કોઈ પ્રવૃત્તિ છોડીને નિવૃત નહીં થતા. 'મનમનાભવ... સ્મૃતિ ર્લબ્ધા...'' સ્થિતિમાં કર્મ કરતા રહી કર્મયોગી બની 'યોગઃ કર્મસુ કૌશલમ્...' સ્થિતિ નિર્માણ કરવાની.

અને કૌરવ-પાંડવની બે સેના વચ્ચે અર્જુનનો રથ લઈ જઈ શ્રી કૃષ્ણએ અર્જુનને 'નિદ્રાજીત ભવ' કહીને સમાજને ચેતવણી આપી કે જ્યારે તમો બધી બાજુએથી આફતમાં સપડાયા હો ત્યારે જાગૃતાવસ્થાથી વિજયી પામો અને આખુ જગત જાણે છે કે એકસો કૌરવોની સામે પાંચ પાંડવો વિજયી બન્યા.

હવે આ બધી બાબતોને કેન્દ્રમાં રાખી ભગવાનના નામ, રૂપ, દેશ, કાળ, ગુણ અને કર્તવ્યના આધારે ભગવાનની ઓળખાણ કરીએ તો 'અજન્મા, અજર, અમર એકમાત્ર નિરાકાર શિવ પરમાત્મા જ હોઈ શકે'. (શંકર નહીં) કારણ કે તેના નામમાંજ તેનું અવ્યક્ત સ્વરૂપ અને આકાર સમાયેલા છે. 'શિવ' સંસ્કૃત શબ્દનો અર્થ 'કલ્યાણ' થાય છે અર્થાત્ શિવ કલ્યાણકારી હસ્તી છે. વળી પરમાત્મા અર્થાત્ પરમ + આત્મા એટલે Supreme Soul પ્રત્યેક આત્માઓના પિતા પરમાત્મા. બંન્નેનું એક સરખું અદૃશ્ય સ્વરૂપ... જોઈ ન શકાય માત્ર અનુભવી શકાય.. જેમ હવા છે કે કેમ તે જોઈ ન શકો. પાણીનો કલર કેવો તે કહી ન શકાય પરંતુ તેની અનુભૂતિ થઈ શકે. પરંતુ અદૃશ્ય હસ્તીની આરાધના કરવામાં સમાજને મુશ્કેલી પડતા તેણે શિવને કલ્પનાથી આકાર આપ્યો અને 'શિવલિંગ' નિર્માણ પામ્યું.

આમ આધ્યાત્મિક ક્ષેત્રમાં 'શિવને દેવોના દેવ મહાદેવ' માનવામાં આવ્યા. તેથી એક હકીકત પૂરવાર થઈ કે 'જન્મ લેનાર તમામ આત્માઓ અને જન્મ નહિ લેનાર એક પરમાત્મા', પછી જન્મધારી આત્માઓ કર્માનુસાર સંતાત્મા, મહાત્મા, દેવાત્મા બની શકે અને નિમ્ન શ્રેણીમાં પાપાત્મા, દુષ્ટાત્મા બંને પરંતુ કોઈ પરમાત્મા બની શકે નહીં.

આ સર્વશ્રેષ્ઠ હસ્તી પરમાત્માને ત્રણના આંક સાથે ખૂબ સ્નેહ હોઈ વિશ્વ સંચાલનની જવાબદારી પોતે સ્વીકારી બ્રહ્માને સૃષ્ટિસર્જનની, વિષ્ણુને પાલનાની અને શંકરને આસુરી સૃષ્ટિ વિનાશની ફરજો સોંપે છે. તેથી બ્રહ્માને સમાજ 'પ્રજાપિતા' અને શંકરને 'રુદ્રદેવતા' કહે છે. અને આ ત્રણેય કામનો યશ શિવના ફાળે જતો હોઈ તેની સ્મૃતિરૂપે શિવલિંગ ઉપર 'ત્રિપુંડ' કરાય છે અને 'ત્રણ પાનનું બીલીપત્ર' ચડાવાય છે. આમ કરનાર સાધકને એક પરમાત્મા શિવ 'ત્રિકાળ જ્ઞાની' (ભૂત, વર્તમાન, ભવિષ્ય અર્થાત્ આદિ, મધ્ય, અંત) બનાવે છે. 'ત્રિલોકવાસી' (સ્થૂળ, સૂક્ષ્મ, પરલોક) બનાવે છે. તદુપરાંત 'ત્રિનેત્રી' બનાવી 'કર્મ, અકર્મ, વિકર્મથી સાવધાન કરે છે. તેના બહુમાનરૂપે પ્રત્યેક શિવમંદિરમાં શિવલીંગ મંદિરના ઉપરના ઘુમ્મટમાંથી પધરાવાય છે. દેવી-દેવતાઓની મૂર્તિઓની જેમ મંદિરના દ્વારમાંથી નહિં.

આ શિવ પરમાત્મા પોતાના સંતાન માનવ આત્માઓ પ્રત્યે એટલો પિતૃભાવ રાખે છે કે શિવલિંગ ઉપર એક લોટી પાણી ચડાવતા ખુશ થાય છે તેથી સમાજ તેને 'ભોળાનાથ' કહે છે અને ખરેજ એ અનાથનો નાથ બનતા હોય, લોકો તેને રામનાથ, સોમનાથ, જગન્નાથ, પશુપતિનાથ કહી નવાજે છે. પ્રત્યેક સાધકના દુઃખ હરી લે છે તેથી સમાજ દુઃખભંજન, કષ્ટભંજન, ભીડભંજન કહીને આરાધે છે. વૃંદાવનમાં ખુદ શ્રીકૃષ્ણ, 'ગોપેશ્વર શિવ' અને દક્ષિણમાં શ્રી રામ 'રામેશ્વર'ની સ્થાપના કરીને કૃતકૃત્ય બન્યા છે.

આમ સમગ્ર વિશ્વ શિવ પરમાત્માને પોતાના ભગવાન તરીકે સ્વીકારે છે. વિશ્વભરના દેશો અને ધર્મો જુદા જુદા સ્વરૂપે પણ આખરે તો શિવ પરમાત્માને સ્મરે છે. જુઓ, જાપાનમાં એક શિવાકાર પથ્થર પૂજાય છે. મક્કામાં 'સંગએ અસ્વદ'ને ચુંબન કરાવાય છે. ઈટાલીમાં 'એન્ટુસ્કાસ' તેમજ બેબીલોનમાં 'શિઉન' રોમમાં

'પ્રિયપસ' મિસરમાં 'એસીરીસ' યુગાન્ડામાં 'ફલ્લુસ' આ બધા જ શિવ પરમાત્માના પ્રતીકો છે. પર્યાય છે. આજે દુનિયાભરના મંદિરોમાં એવું કોઈ મંદિર નથી કે જ્યાં શિવાલય ન હોય કે એવો કોઈ ધર્મશાસ્ત્રનો ગ્રંથ નથી કે જેમાં શિવ મહિમા ન હોય. આમ પૃથ્વીના ચારેય સીમાડા સુધી શિવ પરમાત્માને લોકો ભગવાન તરીકે સ્વીકારે છે.

વિશ્વ સાયકલ અર્થાત્ સૃષ્ટિચક્રના શુભારંભના સતયુગ અને ત્રેતાયુગના બે યુગો સુધી એ શિવ પરમાત્મા પાલનાનું કામ વિષ્ણુરૂપે લક્ષ્મી-નારાયણ અર્થાત્ રામ-કૃષ્ણના દૈવી સમાજ પાસે કરાવે છે જેને તત્કાલીન સમાજ સ્વર્ગ તરીકે લેખતો હતો. પરંતુ ત્રીજા દ્વાપરયુગમાં એજ દૈવી સમાજ વામમાર્ગી બનતા થોડી આપદાઓ ઉઠવા પામે છે. જેને રોકવા શિવ પરમાત્મા પરમધામ બેઠા પોતાની પાસેના ધર્માત્માઓને નીચે અવતરિત કરે છે. ક્રમાનુસાર ગૌતમ બુદ્ધ, ઈબ્રાહીમ, મહાવીર સ્વામી, શંકરાચાર્ય, ઈસુ ખ્રિસ્ત, મહમદ પયંગબર, ગુરુનાનક આ ધરા પર આવી અલગ અલગ ધર્મો સ્થાપીને સમાજને બચાવવાના પ્રયત્નો કરે છે પરંતુ વિશ્વ દિન પ્રતિદિન ઉતરતી કળામાં ધકેલાતું જાય છે અને આખરે કળીયુગના અંતે જ્યારે સમગ્ર વિશ્વ આસુરી તત્ત્વોથી ખદબદી ઉઠે છે ત્યારે, વિશ્વ વિનાશના રુદ્ર દેવતા શંકરને ઢંઢોળે છે અને શંકર પ્રવર્તમાન વિશ્વના પ્રખર વૈજ્ઞાનિકોને મૂક પ્રેરણા આપી ન્યુટ્રોન જેવા ગણત્રીની ઘડીઓમાં સમગ્ર વિશ્વનો વિનાશ કરી શકે તેવા અણુબોમ્બ બનાવરાવે છે.

અમસ્થુય વિશ્વની સાત અજાયબીઓ માંહેની એક અજાયબી ઈજીપ્તના પીરામીડ ઉપર વિશ્વભરની ઐતિહાસિક ઘટનાઓની થયેલી આગાહીઓમાં 'એકવીસમી સદી સમગ્ર વિશ્વ માટે એક વસમી સદી' બનવાના થયેલા નિર્દેષ મુજબ એકબાજુ ત્રીજું વિશ્વયુદ્ધ અને બીજી બાજુ પ્રકૃતિના પાંચેય તત્ત્વો તેની માઝા મૂકી પ્રકોપ ફેલાવશે.

પરંતુ આ વિશ્વ વિનાશની સાથોસાથ શિવ પરમાત્મા વિનાશ પછી આવનારા સતયુગી નવા વિશ્વની રચના માટે બ્રહ્માને સાવધાન કરે છે. પરંતુ સર્જનની અતિ કપરી જવાબદારી બ્રહ્માને સોંપીને બેસી નહિ રહેતા બ્રાહ્મણમાં બળ ભરી સતત કાર્યાન્વિત રાખવા ખુદ નિરાકાર શિવ પરમાત્મા પરમધામથી નીચે અવતરિત થવા તત્પર બને છે. કારણ કે ગીતામાં થયેલા વાયદા 'યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત..' મુજબનો આ સમય નિર્માણ થવા પામ્યો છે અને ત્યારે 'ધર્મ સંસ્થાપનાર્થાય...' અવતરવું અનિવાર્ય બને છે. આમ આગલા સૃષ્ટિચક્રમાં શિવ પરમાત્મા અવતરી ચૂક્યા હોય છે. તેના અવતરણને સમાજ 'શિવરાત્રી' તરીકે મનાવતો રહ્યો છે. આ તમામ વૃતાંતના સંગ્રહને 'શિવપુરાણ' કહેવામાં આવે છે. શિવ પરમાત્મા ભારતમાં જ અવતરતા હોઈ ભારત ને 'ભગવાનની જન્મભૂમિ' કહ્યો છે. જે ભારતનો સર્વનાશના કયામતના સમયે પણ નાશ ન થતો હોઈ ભારતને 'અવિનાશી ખંડ' કહ્યો છે.

આગલા સૃષ્ટિચક્રની માફક જ પ્રવર્તમાનમાં પણ શિવ પરમાત્માએ પોતાના મુખ વંશાવલી અવતરણ માટે યોગ્ય પાત્રની તલાશમાં સમગ્ર વિશ્વ પર દૃષ્ટિ ફેરવતા, શિવ પરમાત્માની નજર અટકી હૈદ્રાબાદ, સિંધના હરીયાળા રમણીય પ્રદેશ પર, ભારતની આઝાદી પહેલાંનો એ કપરો સમય સને ૧૯૩૭નો કસોટી કાળ, રાજા-મહારાજાઓની અધમતાની ચરમસીમા, એકબાજુ ભારતના રાષ્ટ્ર ઘડવૈયાઓની આઝાદી માટેની સમયોચિત ચળવળ. સર્વત્રથી ઉઠેલા આર્તનાદોને ખાળવા શિવ પરમાત્માએ ઢંઢોળ્યા કૃપલાની

પરિવારના ૨૪ કુળગુરુઓના શિષ્ય, સમ્રાટોના કીંમતી આભૂષણોના સ્ટોકીસ્ટ, એક આધ્યાત્મિક સંશોધક દાદા લેખરાજજીને...

એક સંધ્યા સાધનાની પ્રાપ્તિદાયક પળોમાં, એકાએક કમરામાં લાલ આચ્છાદિત પ્રકાશનો પુંજ, કોઈ ગેબી નાદનું ગુંજન અને ... અને... દૃષ્ટિ સમક્ષ ચતુર્ભુજ વિષ્ણુનું પ્રાગટ્ય, અકલ્પનીય સાક્ષાત્કાર 'તત્ ત્વમ્.. તત્ ત્વમ્..' ઈશ્વરીય આલાપ.

'તમો પણ પુરુષાર્થથી આવા બની શકો.'નો ઈશ્વરીય આદેશ, સાથે 'શિવો અહમ્.. શિવો અહમ્..'ના નાદથી શિવ પરમાત્માએ તેને સૂક્ષ્મ પ્રેરણા આપી.. વિશ્વ રચના માટે 'પ્રજાપિતા બ્રહ્મા' નામાભિધાન થયું.

આ ઘટના પછી તેનામાં સ્વતઃ આધ્યાત્મિક જ્ઞાનની ત્વચાઓ ફૂટી અને ૧૯૩૭ થી ૧૯૫૦ સુધી ૧૪ વર્ષ આંતરિક તપશ્ચર્યા કરી. અસંખ્ય જિજ્ઞાસુઓને ઈશ્વરીય જ્ઞાનથી પ્રભાવિત કર્યા. વિકારોથી સબડતા સમાજને નિર્વિકારી બનાવવા કુમારિકાઓનો - માતાઓનો સાથ લીધો. એમનું સમયોચિત ઈશ્વરીય કાર્યક્ષેત્ર વિસ્તરતું ચાલ્યું.

સને ૧૯૫૫માં ભારત-પાકિસ્તાનનું વિભાજન થતાં દાદાજીનું 'ઓમ મંડળી' નામે ઓળખાતું મહિલાવૃન્દ સિંધમાંથી સ્થળાંતર કરી ભારતમાં રાજસ્થાનના આબુપર્વત ખાતે સ્થિત થયું. ઈશ્વરીય પ્રવૃત્તિઓમાં લોકશક્તિ ઉમેરાઈ. ઠેક ઠેકાણે સેવાકેન્દ્રો ખૂલવા લાગ્યા. મહાત્મા ગાંધીજીનું સાચા રામરાજ્યનું સ્વપ્ન સાકાર થતું ચાલ્યું. 'ૐ મંડળી' પછી તો 'ૐ શાંતિ'ના મહામંત્ર સાથે વિશ્વ પર છવાઈ ગઈ. ભારતનો સીમાડો ભેદી વિશ્વના ૧૩૭ દેશોમાં આશરે ૮૫૦૦ સેવાશ્રમો વિશ્વ પરિવર્તનના કામે લાગ્યા. સંયુક્ત રાષ્ટ્ર સંઘ 'સફાળું જાગ્યું' તમામ સભ્ય દેશોના સર્વાનુમતે બીન રાજકીય સભ્યપદ અર્પણ થયું.

મહામાનવ દાદા લેખરાજ 'પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય'ના પ્રણેતા બની છેક સને ૧૯૬૯ સુધી સંચાલન કરતા રહ્યા. ૧૮મી જાન્યુઆરી ૧૯૬૯માં અવ્યક્ત બન્યા. સ્થૂળ દેહનો ત્યાગ કર્યો.

ભલે વિભૂતિ હયાત નથી. પરંતુ યુગ પરિવર્તન સુધી આ સેવાયજ્ઞ અવિરામ ચાલુ રહેશે. **॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. ૧૬નું અનુસંધાન)**

શકાય છે. એકાગ્રતાની શક્તિ મનને દૃઢ બનાવે છે.

- મનને પોતાના પવિત્ર સ્વરૂપની યાદ આપવાની આવશ્યકતા છે.
- હું શુદ્ધ આત્મા છું. હું આત્મા સુખ, શાંતિ સંપન્ન છું. પવિત્રતાની શક્તિ મારામાં છે.

આ રીતે અભ્યાસ કરવાથી મનોબળમાં વધારો થાય છે. કોઈ પણ કાર્ય સરળતાથી કરી શકીએ છીએ.

મનોબળની શક્તિ એટલી મહાન છે. જેનાથી પરમાત્મા સમાન બની શકીએ છીએ અનુભવ કરી શકીએ છીએ. પ્રાપ્ત શક્તિથી બીજાને પણ અનુભવ કરી શકાવીએ છીએ. મનોબળથી કાર્ય કરવાથી આપણી અંદર રહેલી આંતરિક શક્તિઓ પણ જાગૃત થાય છે. પોતાના પર વિશ્વાસ આવે છે કે કોઈ કાર્ય મારા માટે અશક્ય નથી. બધુ જ શક્ય છે. બસ અંદરથી મનોબળ કેળવવાથી આત્મવિશ્વાસથી કાર્ય કરવાથી આંતરિક શક્તિનો પણ વિકાસ થાય છે. પોતાના અંદરના અવાજને ઓળખો. શક્તિને ઓળખીને આગળ વધીશું તો દરેક કાર્યમાં સફળતા પ્રાપ્ત થશે.

**॥ ઓમશાંતિ ॥**

# મનોબળ (આત્મવિશ્વાસ)

બ્ર.કુ. રાધિકાબેન, બોપલ બાલેશ્વર, અમદાવાદ.

સંસારમાં કાર્યની સિદ્ધિ માટે અનેક પ્રકારની શક્તિનું ગાયન છે. બાહુબળ, શસ્ત્રબળ, સૈન્યબળ, સંગઠનબળ, જ્ઞાનબળ પરંતુ આ બધામાંથી મહત્ત્વનું છે. 'મનોબળ'. માનવની અનેક ઈચ્છાઓ હોય છે. ઈચ્છાઓ વિચારોમાં પરિવર્તન થાય છે. વિચારો તો કેટલાય પ્રકારના હોય છે. જ્યારે વિચારોમાં દૃઢતા આવે છે ત્યારે કાર્ય થવાની સંભાવના ઉત્પન્ન થાય છે. માનવ પાસે વિચારવાની શક્તિ છે. વિશ્વને ચલાવવાની શક્તિ પણ છે.

વર્તમાન સમય આપણે જોઈએ છીએ માનવી મનનો ગુલામ થતો ગયો છે. મનની શક્તિ રહી નથી. એટલા માટે માનવ માનવ નથી રહ્યો. કેટલીક વખત પશુ જેવું તેનું વર્તન થવા લાગ્યું છે. આ માનવની કરુણ વાસ્તવિકતા છે.

કોઈએ કહ્યું છે કે દુનિયામાં એક પ્રકૃતિ, બીજી વિકૃતિ, ત્રીજી સંસ્કૃતિ છે. જે કર્મ સ્વાભાવિક રીતે થાય છે. તે પ્રકૃતિ. જેવી રીતે ભૂખ લાગવી, ઊંઘ આવે ત્યારે સૂઈ જવું. જે પ્રાણીઓમાં પણ સ્વાભાવિક છે. બીજી અવસ્થા ભૂખ ન લાગે તો પણ ખાવું. આળસ, અલબેલાપન આ વિકૃતિ. ત્રીજી અવસ્થા આપણા પોતાના મનનું નિયંત્રણ. ભૂખ લાગે છતાં ખાવું નહિ. ઉપવાસ, આદિ, નિંદ્રાનો ત્યાગ. આ સંસ્કૃતિ છે. મનોબળ આપણને સંસ્કૃતિમાં રહેવાનું શીખવે છે. પરમાત્મા પણ આપણને વિશ્વ પરિવર્તનના કાર્યમાં મદદગાર બનાવે છે.

મનોબળ એટલે વિચારો અથવા સંકલ્પોને કર્મમાં વ્યવહારમાં લાવવાની શક્તિ. પરિવર્તનની શક્તિ. સ્થિર રાખવાની શક્તિ. આપણે આખા દિવસમાં મનની શક્તિઓનો બહુ ઓછો ઉપયોગ કરીએ છીએ.

### મનોબળની આવશ્યકતા

- બહારના વાતાવરણમાંથી મુક્ત રહેવાની આવશ્યકતા છે. મનની અંદર બહારના વાતાવરણનો પ્રભાવ ન પડે. આપણે પોતાનું જ મનોબળ વધારવાની આવશ્યકતા છે.
- આપણી પોતાની ઈચ્છાઓ સંકલ્પોને સાકારરૂપ આપવા માટે મનોબળની આવશ્યકતા છે.
- જીવનમાં કોઈ સારી વાતને બનાવી રાખવા માટે મનોબળની આવશ્યકતા છે.
- જવાબદારીઓ નિભાવવા માટે મનોબળની આવશ્યકતા છે.
- જ્યારે આપણી વાત બીજાને સમજાવીએ છીએ ત્યારે ધારણ કરવા ઈચ્છીએ છીએ ત્યારે મનોબળની આવશ્યકતા છે.
- વાતાવરણમાં પરિવર્તન લાવવા માટે મનોબળની આવશ્યકતા છે.

### મનોબળની વૃદ્ધિ કેવી રીતે ?

- મનોબળ વધારવા માટે પવિત્રતાના ગુણની આવશ્યકતા છે.
- મનોબળ વધારવા માટે સકારાત્મક સ્વભાવની આવશ્યકતા.
- મનોબળ વધારવા માટે મનની હંમેશા માટે જાગૃત અવસ્થાની સ્થિતિ. મનમાં હલચલ ન હોય.
- એકાગ્રતાની શક્તિથી મનોબળ વધારી

(અનુસંધાન પેજ નં. ૧૫ પર)

# પ્રસન્નતાના પથ પર

## બ્ર.કુ. શિવાનીબેન

### શોક શા માટે ?

**પ્રશ્ન :** બ્રહ્માકુમારી શિવાની, આપણે વીતેલા સમયની વાત કરીએ છીએ તો આપણી સામે કેટલાયે નાના મોટા અનુભવો છે. સ્વયંને સ્વસ્થ કઈ રીતે રાખવા તે આપણે જોયું. આપણે અન્ય કોઈને બદલીશું નહીં, પરિસ્થિતિને પણ નહીં બદલીએ. જે સમય વીતી ગયો છે તે પૂરો થયો. કેટલીક પરિસ્થિતિઓ એવી છે જેમ કે આપણા નજીકના સંબંધીનું અચાનક મૃત્યુ થયું. એનો આજે પણ ઘણો મોટો આઘાત છે આમ છતાં ગમે તે રીતે સ્વયંને સ્વસ્થ કર્યા. આવા સમયે લોકો ઘણી બધી વાતો કરે છે, સમજાવે છે. આપણે સ્વયંને સંભાળી લઈએ છીએ. સાધારણ જિંદગી પણ જીવીએ છીએ. સૌની સાથે જીવી રહ્યા છીએ. નોકરી-ધંધા ઉપર પણ જઈએ છીએ. પરંતુ મૃત્યુના શોકનો ઘા રુઝાતો નથી. તેનું મુખ્ય કારણ શું છે?

**ઉત્તર :** આપણા જીવનમાં આપણને ઘણા બધા ઉતરાવ-ચઢાવ જોવા મળે છે. પરિવારમાં નજીકના સંબંધી યા નજીકના મિત્રનું મૃત્યુ થાય છે. તો તે જીવનની મોટી પરીક્ષા છે. દર્દ ઘણું છે. પણ તેનો કોઈ વિકલ્પ મળતો નથી. આ ઘણો મોટો પડકાર છે. જેને પાર કરવા માટે ઘણી શક્તિની જરૂર પડે છે. જો આપણી પાસે ઘણી જાણકારી છે, બુદ્ધિ છે સાથે સાથે ક્ષમતા પણ છે તો આ પરિસ્થિતિને પણ પાર કરી શકીએ છીએ. જ્યારે કોઈ બાળકનું બીન કુદરતી મૃત્યુ થાય છે તો માતા માટે પિતા માટે આ પરિસ્થિતિનો સામનો કરવાનું મુશ્કેલ બની જાય છે. તેઓ કહે છે કે હવે તો આખું જીવન દર્દમાં જ જશે. તેની વેદના તીવ્ર બનતાં તેઓ એવું સમજે છે કે હવે તો અમારે જીવવું જ નથી. અમારા જીવવાનો કોઈ હેતુ જ નથી. આવી પરિસ્થિતિમાં એમને ઘરનાં બીજા સભ્યો દેખાતા નથી. જાણે કે એમનું કોઈ છે જ નહીં.



**પ્રશ્ન :** તેઓ પોતાનું ધ્યાન રાખવાનું જ જાણતા નથી. તેઓ જીવવા જ ઈચ્છતા નથી. આમ છતાં હું તેમનું ધ્યાન રાખું છું.

**ઉત્તર :** રાજયોગમાં સૌથી આધારભૂત વાત એ છે કે હું કોણ છું ? આ એક પ્રારંભિક અનુભૂતિ છે. જે આપણા બધા ઉદ્દેશ્યને બદલી દે છે. આ શરીર છે. એનું નામ છે, એનો પરિવાર છે. એનો પાર્ટ છે. એની જવાબદારી છે. આ સૌ માટે આપણે કહ્યું 'મારું' મારું નામ આ છે. મારું આ કામ છે. મારા આ સંબંધો છે. શરીર માટે પણ આપણે કહ્યું મારી આંખો, મારા કાન, મારું શરીર. આજે મારા શરીરને ઘણું દર્દ થઈ રહ્યું છે. તો આ સર્વ 'મારું મારું' કહેનાર હું કોણ છું ? આપણને તેની ખબર નહોતી.

હવે આપણી સમજણમાં આવ્યું કે તે એક ઉર્જા છે જેને આપણે 'ચૈતન્યતા' કહીએ છીએ. એની અંદર પાર્ટ ભરેલો છે. એમાં જીવન છે એટલે આપણે 'માનવતા' કહીએ છીએ. આ શરીર બે ચીજના મિશ્રણથી બનેલ છે. એક તો આ શરીર 'હ્યુમસ' શબ્દથી બનેલું છે. જેને અર્થ છે 'માટી' અને બીજું જે આત્મા છે તે ઉર્જા છે. હવે એ સમજણ મળી છે કે ઉર્જાનું નિર્માણ પણ કરી શકાતું નથી કે તેને નષ્ટ પણ કરી શકાતી નથી. આ શાશ્વત છે.

આ ચૈતન્યશક્તિને આધ્યાત્મિક ભાષામાં 'આત્મા' યા 'સ્પિરિટ' કહે છે. જ્યારે હું શાશ્વત છું તો મૃત્યુ કોનું થાય છે. કારણ કે આખું જીવન આપણે મૃત્યુના ભયમાં જીવીએ છીએ. પરંતુ જ્યારે મને સમજાય છે કે હું તો અવિનાશી છું. તો મૃત્યુનો ભય પણ ચાલ્યો જાય છે. આજ સુધી આપણે સાંભળતા આવ્યા કે આત્મા અજર, અમર અને અવિનાશી છે તો અગ્નિમાં સળગી શકતો નથી. તે મૃત્યુ પામી શકતો નથી. જેનો વિનાશ થઇ શકતો નથી. જો હું અવિનાશી છું તો પ્રત્યેક આત્મા પણ અવિનાશી છે. તેથી આપણે મૃત્યુની મીમાંસાને સમજવાની છે કે મૃત્યુ શું છે ? હું આત્મા છું તો આ શરીરનો આધાર લઈને પોતાની ભૂમિકા નિભાવું છુ અને લોકો સાથે સંબંધ સ્થાપિત કરું છું. મૃત્યુ પામનાર આત્મા કાલ સુધી મારી સાથે હતો, એની સાથે મારો કર્મના હિસાબ કિતાબનો સંબંધ હતો. આપણે ક્યાંથી આવીએ છીએ. જન્મ અને મૃત્યુનો નિર્ણય કઈ રીતે થાય છે ? ક્યાં સુધી એને શરીરમાં રહેવાનું છે અને ત્યાંથી પાછા ક્યારે ફરવાનું છે તે આપણા કર્મના હિસાબ કિતાબ ઉપર આધારિત છે.

જે પરિવારમાં આપણો જન્મ થાય છે, જે લોકોના સંપર્કમાં આપણે આવીએ છીએ એ આત્માઓ સાથે મારો કર્મોનો હિસાબ કિતાબ છે. જેને આપણે ઉર્જાની લેણદેણ કહીએ છીએ. અને એનો આધાર આપણા પાછળના જન્મના હિસાબ કિતાબ ઉપર હોય છે. જે આત્માઓ સાથે આજે આપણે છીએ, પહેલાં પણ ક્યારેક એમની સાથે હતા. ત્યારે આપણો એમની સાથે એક વિશિષ્ટ હિસાબ કિતાબ બંધાયો હતો. હવે આપણે ફરીથી એમને મળીએ છીએ તો આપણો એમની સાથે કર્મનો હિસાબ બને છે પણ જ્યારે એ કર્મોનો હિસાબ કિતાબ પૂરો થઈ જાય છે તો આત્મા શરીર છોડી દે છે. એના પછી એ આત્મા એકપળ પણ એ શરીરમાં રહેતો નથી. હવે આપણને એ સમજાય છે કે તે આત્મા એક નિશ્ચિત સમય માટે પોતાનો હિસાબ ચુક્તુ થતાં તે આત્મા વધારે સમય સુધી મારા સંપર્કમાં રહેતો નથી. હવે આત્મા જે જગ્યાએ નવો હિસાબ કિતાબ છે ત્યાં ગયો. આ રીતે આત્મા પોતાની યાત્રા તરફ આગળ વધે છે.

આગગાડીમાં આપણે પ્રવાસ કરીએ છીએ. આપણે સૌ આપણા આપણા પ્રવાસ પર છીએ. સૌ એક જ સ્ટેશનથી ચઢે અને એક જ સ્ટેશને ઊતરી જાય તેવું નહીં બને. દરેકનો પ્રવાસ અલગ અલગ છે. દરેકનો દરેક સ્ટેશને ચઢવાનો અને ઊતરવાનો પ્રવાસ પણ પોત પોતાનો છે. દરેક પોત પોતાના પ્રવાસ પર છે.

જો આપનો સંબંધ મારી સાથે ચાર દિવસનો છે. તો એના પછી આપને બીજી જગ્યાએ જવાનું જ છે. કારણ કે પાંચમા દિવસે આપનો સંબંધ બીજાની સાથે છે. હવે આપણે એમ પણ કહી શકીએ કે આપ સપ્તાહમાં ત્રણ દિવસ અમારી સાથે રહો છો પણ ચોથા દિવસે આપે બીજે ક્યાંક જવાનું છે. આપની તે વચનબદ્ધતા છે. હવે મને ત્રણ દિવસ આપની સાથે સારું લાગ્યું. હું એમ વિચારું કે ચોથા દિવસે પણ તમે અહીં આવી જાઓ. મારા ઈચ્છવાથી આપ અહીં નહીં આવી શકો કારણ કે આપનો ચોથા દિવસનો હિસાબ કિતાબ ક્યાંક બીજે છે. હવે તો હું અહીં પાછળ બેસીને વિચારી રહ્યો છું. આપ બીજે ક્યાંક ચાલ્યા ગયા. હવે મારા માટે એનો વિકલ્પ એ છે કે હું એ વાતનો સ્વીકાર કરું કે આપનો હિસાબ કિતાબ કોઈ બીજી વ્યક્તિ સાથે છે અથવા તો તમે મારી સાથે કેમ નથી એમ સમજી દુ:ખની અનુભૂતિ કરું.

**પ્રશ્ન :** એનો મતલબ કે જ્યારે તેઓ ચાલ્યા ગયા તો એમની યાદ જ રહેતી નથી. કારણ કે હિસાબ કિતાબ પૂરો થઈ ગયો. આ આધ્યાત્મિક નિયમ છે

**ઉત્તર :** આપણે એમને યાદ ના કરીએ તે તેમના

માટે સારું છે. આપણે એક પળ માટે જોઈએ. જેનું ૨૧ વર્ષમાં અકસ્માતમાં મૃત્યુ થયું હતું તેવા પુત્રની માતાને હું મળી. તે પાછળના અનુભવની વાત કરી રહી હતી. એનો પુત્ર કોઈ બીજા દેશમાં રહેતો હતો. એણીએ કહ્યું કે એની સાથે મારો એટલો મજબૂત સંબંધ હતો કે જો હું અહીં ઉદાસ થતી તો એને ખબર પડી જતી હતી. જો એની સાથે કંઈ થાય તો મને ખબર પડી જતી હતી. મારો અને એનો સંબંધ ગાઢ હતો. અમે એક બીજાને તરત ફોન કરીએ અને પૂછીએ કે બધું બરાબર છે. કંઈ થયું તો નથી ને ? હવે તે આત્મા અકસ્માતમાં મૃત્યુ પામતાં ક્યાંક બીજે ચાલ્યો ગયો. આ માતા રડે છે, બહુ રડે છે. મેં એ માતાને કહ્યું કે કાલ સુધી એ આત્માનો આપની સાથે ગાઢ સંબંધ હતો. પણ હવે એ આત્માનું શરીર બદલાઈ ગયું છે. આત્માએ બીજું શરીર લીધું પણ શું તે સંબંધ સમાપ્ત થઈ ગયો. શું ઉર્જાની લેણદેણ સમાપ્ત થઈ ગઈ હશે. આજે આપ બીજે ક્યાંક ચાલ્યાં ગયાં, તો આપને ભૂલી ગયા ? આપને યાદ નહીં આવે. પણ હવે તે નવા શરીરમાં છે. નાના બાળક રૂપ છે. હવે તે આપને ફોન કરી શકતો નથી. આપની સાથે વાત કરી શકતો નથી.

**પ્રશ્ન :** શું એને યાદ રહેતું નથી ?

**ઉત્તર :** શરૂ શરૂમાં તો યાદ રહે છે. આપ એક બાળકને જુઓ એને શરૂ શરૂમાં પોતાનો પાછલો જન્મ યાદ રહે છે. ક્યારેક તો તે હસે છે, ક્યારેક તો તે રડે છે. જેમ જેમ બાળક મોટું થતું જાય છે તેમ તેમ પાછલા જન્મની વાત ભૂલતું જાય છે. પ્રકૃતિનો એ સ્વભાવ છે કે બાળક જ્યારે બોલવાની સ્થિતિમાં આવે છે તો તે પોતાનો પાછલો જન્મ ભૂલી જાય છે. કારણ કે વર્તમાન જન્મનું માહિતીરૂપી પડ એની ઉપર ચડવા લાગે છે. કેટલાક બાળકો એવાં હોય છે જેમને પોતાનો પાછલો જન્મ યાદ હોય છે. આ ૧૯, ૨૦, યા ૨૫ વર્ષની ઉંમરમાં નહીં પણ ૫, ૬, ૭ વર્ષની ઉંમરમાં પાછલા જન્મની સ્મૃતિ રહે છે. કારણ કે એ સમયે યાદદાસ્ત ખૂબ મજબૂત હોય છે.

હવે અહીં તે મા નથી. ત્યાં તો આત્મા છે. તમે એ આત્માને યાદ કરીને રડો છો તો એ આત્મા સુધી આપના દુ:ખનાં આંદોલનો પહોંચે છે.

**પ્રશ્ન :** હવે તો તે કોઈ બીજા શરીરમાં છે.

**ઉત્તર :** શરીરને તો આપણે યાદ નથી કરતા. ઉર્જાનું આદાન પ્રદાન એકબીજા શરીર સાથે નહીં પણ એક બીજા આત્મા સાથે હોય છે. આપણે એને સંબંધ પણ કહીએ છીએ. જ્યારે આપણે રડીએ છીએ ત્યારે દર્દની ઊર્જા જન્માવીએ છીએ. આપણે એ નથી જાણતા કે આ ઉર્જા આગળ જવાની છે. તે ઉર્જા જે આત્મા માટે નિમિત્ત બનાવી છે. ત્યાં પહોંચશે તો હવે મારે રડવાનું બંધ કરીને એ આત્માનું ધ્યાન રાખવું પડશે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. ૨૩નું અનુસંધાન)**

સ્થાન પર છે. આપણી અજ્ઞાનતા જ આપણને લાચાર સ્થિતિમાં લાવી દે છે. જેમ આજના આપણા વ્યવસ્થાતંત્રના નિયમો, સિદ્ધાંતો, કાયદાકાનૂનો જે છે તેનું જ્ઞાન આપણને હોવું જરૂરી છે. એ જાણી લેવા આપણી ફરજ છે. એમ વિશ્વ વ્યવસ્થાના સનાતન સત્ય નિયમો જે છે એને જાણી, સ્વીકારી અને એને અનુરૂપ ચાલવામાં જ માનવનું ગૌરવ છે. એનો ભંગ કરવામાં આપણી સ્વયંની જ માનહાનિ છે. જેમ જવાબદાર વ્યક્તિઓ જ બેજવાબદાર બને ત્યારે બધું ખોરંભે પડે છે. એવું આ વિશ્વનું છે. માટે ચાલો, વિશ્વ ખાતર પણ આપણે વ્યવસ્થિત બનીએ.

**॥ ઓમશાંતિ ॥**

# સત્યમ્ - શિવં - સુંદરમ્

બી.કે. સૂર્ય, માઉન્ટ આબુ

સત્યમ્ શિવમ્ સુંદરમ્ના ગીત આપણે દરરોજ ગાયા કરીએ છીએ. આપણા પ્રાચીન ઋષિઓએ પણ આના અર્થને જાણવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ માનવ સત્યથી સદા દૂર જ રહ્યો. સત્ય શું છે ? ... તેની વ્યાખ્યા અનેક રૂપોમાં આજ સુધી થતી રહી. વાસ્તવમાં સત્ય શું છે ... તેનો ઉત્તર સ્વયં સત્ય (પરમાત્મા) જ આપે છે. વાસ્તવમાં સત્ય તે જ છે જે આપણને સત્ય (પરમાત્મા) તરફ લઈ જાય. જે આપણને આપણા અન્તિમ લક્ષ્યની નજીક લઈ જાય, તે જ સત્ય છે. જે આપણા માર્ગને સરળ બનાવી દે, તે જ સત્ય છે. મનુષ્ય સમજે છે કે સત્ય કાંટાનો માર્ગ છે, પરંતુ નહીં સત્ય તો કાંટાને ફૂલ બનાવવાનો માર્ગ છે... યાત્રીના વિઘ્નો વિનાશ કરવાનો માર્ગ છે.

જે સદા સત્ય છે. તે જ શિવ છે – ભગવાન છે અથવા શિવ જ સત્યનું રહસ્યોદ્ઘાટન કરવાવાળા છે અર્થાત્ જે સત્ય છે, તેનાથી જ શિવ (કલ્યાણ) થાય છે. અસત્ય દ્વારા વિશ્વ કલ્યાણની કામના નિરર્થક છે જે સત્ય છે, પરમ છે, ભગવાન છે, તે જ કલ્યાણકારી હોવાના લીધે સર્વથી અધિક સુંદર છે. આજ કારણ છે કે ન જાણવા છતાં પણ સમગ્ર સંસારના સર્વ મનુષ્યાત્માઓ તેની તરફ આકર્ષાય છે, તેના ફક્ત નામથી જ પોતાનું કામ સિદ્ધ કરે છે. તે જ સત્ય શિવ આવી સર્વ મનુષ્યોને સુંદર (પાવન) બનાવે છે, જેમને માયાએ શ્યામ બનાવી દીધા છે.

સત્યનો ઝંડો પ્રાચીન સમયથી જ ઊંચો રહ્યો છે. સત્યના બળથી સંસારનાં મોટાં મોટાં કાર્યો પણ સંભવ થયાં છે. સત્યના બળની મદદ વડે તો મહાત્મા ગાંધી અંગ્રેજોની જંજીરોથી ભારતને મુક્ત કરવામાં સફળ થયા. સત્ય એક મહાન ઔષધિ છે જેનાથી માનવતાનો ઉપચાર થાય છે. મનુષ્યે ઉન્નતિ કરવા માટે સદા સત્યની મદદ લેવી જોઈએ.

જે સત્ય છે, તે નિત્ય પણ છે. સત્યનો કદાપિ વિનાશ થતો નથી. સત્ય જ સૃષ્ટિનું બીજ છે. તે સત્ય અતિ સૂક્ષ્મ છે પરંતુ સર્વ શક્તિવાનની સંજ્ઞાથી પ્રકાશમાન છે. બધા તે સત્યની નજીક આવવા ઘણા જ પ્રયત્ન કરે છે પરંતુ અસત્યનેજ સત્ય માની, અસત્યતાના અંધકારમાંજ પ્રકાશની શોધ કરે છે. એટલે જ સત્ય પ્રકાશથી સદા દૂર રહ્યા. સત્ય દ્વારા જ સત્ય માર્ગ પ્રાપ્ત થાય છે. સત્ય, અસત્યમાં છૂપાઈ રહેલું નથી, અમૃત ક્યારેય પણ વિષમાં છૂપાતું નથી. અસત્યના પ્રભાવે સત્યને પણ લોપ કરી દીધું છે.

સત્યનો સદા વિજય થયો છે. સત્ય પથના યાત્રીને તેના વિજય પર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. સત્યની હાર થાય એ તો બનીજ ન શકે. ભલે કલિયુગી વાતાવરણના પ્રભાવથી મનુષ્યને કોઈ કોઈ વાર સત્યની હાર નજરમાં આવી પણ હોય, પરંતુ વાસ્તવમાં તે હાર નથી, વિજય જ છે. અંતમાં તેની જ જીત થશે, ભલે અત્યારે ગુપ્ત હોય. સત્ય પર અસત્યનું આવરણ કોઈ કોઈ વાર આવી શકે છે પરંતુ તેને અસત્ય દ્વારા દબાવી શકાતું નથી. સત્યમાં વિજયની શક્તિ છે. અસત્યતાના કારણે જ આજ સુધી માનવે હાર ખાધી છે, માનવતાનું પતન થયું છે.

સત્યના ઉપર અનેક જુલ્મ નાખવામાં આવ્યા. પરંતુ સત્યમાં શક્તિ છે શાન્ત રહીને સહન કરવાની. તે ચૂપ ચાપ, આનંદ-ખુશીથી મુશ્કેલીઓને સહન કરતો ચાલે છે, કારણ કે તેને તો સત્યનો અનુભવ થઈ ગયો છે, તેણે તો શિવનાં દર્શન કર્યાં છે. તેની આ અનુભૂતિઓની સામે આ

મુશ્કેલીઓનું મહત્ત્વ કંઈ જ નથી. તેનાથી વિપરીત ક્રોધ, અહંકાર, ક્રૂરતા, અસત્યતા એ નિરાશાનાં પ્રતીક છે... જ્યાં ક્રોધ છે, ત્યાં સત્ય નથી અને ત્યાં શિવનો વાસ નથી. અહંકાર તો વિષ છે, જ્યારે સત્યતા તો અમૃત છે. બંનેનો મેળ નથી થઈ શકતો. મોટા મોટા ધુરન્ધર વિદ્વાન ક્રોધ અને અહંકારના નશામાં ચકચૂર જોવામાં આવે છે. તેમનામાં સત્યતા ક્યાં ? સત્યતાતો ચિત્તને શીતલ કરવાવાળી પરમ ઔષધિ છે.

જેને સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે સંપૂર્ણતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફ તીવ્રગતિથી દોડવા લાગે છે. યોગ્ય માર્ગનું વાહન પકડવાથી યાત્રી પોતાની મંઝિલ પર પહોંચે છે. અગર દિલ્હીનો યાત્રી મુંબઈની ગાડી પકડી લે તો રસ્તાની અસત્યતાના કારણે તે પોતાના લક્ષ્યથી દૂર જ જશે. આપણે પણ અત્યાર સુધી અસત્ય ને જ સત્ય માનીને અસત્યતાની ગાડી પર સવાર થયા, આથી મંઝિલથી દૂર જ રહ્યા. સત્યની શક્તિ તો મનુષ્યને તેના લક્ષ્ય પર પહોંચાડે છે.

સત્ય કેવળ એક જ વખતે પ્રત્યક્ષ થાય છે જ્યારે અસત્યના ખાડામાં પડેલા માનવને શિવ પોતે જ આવીને બહાર કાઢે છે. વિકારોની ખાઈને મિટાવવાનો દાવ શિખવાડે છે. આ વાતથી એ લોકો અજાણ છે જે સત્યની શોધ કરી રહ્યા છે. શોધ અર્થાત્ સંપૂર્ણ સત્ય નહિ. જ્યાં હજુ સુધી પણ શોધ છે ત્યાં માયાને ચેલેન્જ દેવાની શક્તિ નથી. અગર તેમને આ સત્યનો અનુભવ થઈ જાય તો તેમની શોધ ક્ષણવારમાં સમાપ્ત થઈ શકે છે. વાસ્તવમાં કોઈ પણ માનવ શક્તિ દ્વારા બતાવેલો માર્ગ સંપૂર્ણ સત્ય હોતો નથી, એટલે જ તે કઠિન હોય છે અને માનવને સત્ય માર્ગ સુધી નથી પહોંચાડતો.

આજ સુધી આપણા શાસ્ત્રો પોતાનામાં જ સત્યતાનો દાવો કરતા રહ્યા અને પોતાની સુંદરતાથી માનવને પોતાની તરફ આકર્ષિત પણ કરતા રહ્યા, પરંતુ મનુષ્યને સુંદર (પાવન) ન બનાવી શક્યા. જ્યારે આપણે તેમને પ્રાપ્તિની કસોટી પર સમજવા પ્રયત્ન કર્યો તો તેમની સત્યતાના મધ્યમાં થોડી અસત્યતાનો અંધકાર જોવામાં આવ્યો. ઋષિગણ તે અંધકારને ન પારખી શક્યા અને તે જ અંધકાર માનવને પતનની તરફ લઈ ગયો. મનુષ્ય ઝડપથી નીચે ઉતરતો રહ્યો એમ સમજીને કે તે ઉપર ચડી રહ્યો છે. પરંતુ આપણે આવી ઊભા ઘોર કલિયુગમાં, જ્યાં માનવતાના નામ પર દાનવતાનું સામ્રાજ્ય વ્યાપેલું છે. ક્યાં ? શું શાસ્ત્રોની સત્યતાએ માનવને નીચે નથી પાડ્યો ? શાસ્ત્રો તેનો ઉત્તર આપે છે – શાસ્ત્ર તો સત્ય છે પરંતુ મનુષ્ય તેનું આચરણ નથી કરતો. આપણે પૂછીએ છીએ કેમ ? સત્યમાં તો શક્તિ છે અનુસરણ કરવાની. મનુષ્ય શ્રેષ્ઠ ચારિત્ર્યથી કેમ વિચલિત થયો ? શાસ્ત્ર પથ પર ચાલ્યા વિના તે નારકીય પથ પર કેમ ચાલ્યો ? તેનું આકર્ષણ શાસ્ત્ર નહિ ને આધુનિક ચલચિત્ર કેમ થઈ ગયા ? તે કામને જ રામ કેમ સમજી બેઠો? શાસ્ત્ર મનુષ્યને પરમ આનંદ આપવામાં અસમર્થ નીવડ્યાં ત્યારે જ તો મનુષ્યે બીજો માર્ગ સંભાળ્યો. શાસ્ત્રોએ જ મનુષ્યને કામુક બનાવ્યો, આમ કહીને કે દેવતાઓ પણ ભોગી હતા, ઋષિ ગણ તેના શિકાર હતા, પછી મનુષ્ય તેમનાથી મર્યાદા કેવી રીતે શીખે.

સત્ય તો એક હોય છે અનેક નહીં ! છતાં, શાસ્ત્રોની અનેક વ્યાખ્યાઓ કેમ થઈ ગઈ ? અનેકતા જ અસત્યતાનું વિશાળ પ્રમાણ છે. અનેકતાથી શક્તિનો નાશ થઈ જાય છે. આજ કારણ છે કે શાસ્ત્રોએ મનુષ્યોને ઉપદેશ તો આપ્યો પરંતુ શક્તિ નહિ, હા, વાક (વાણી) યુદ્ધની શક્તિ તો શાસ્ત્રોએ આપી, માયા-યુદ્ધની નહિ. મોટા મોટા શાસ્ત્ર વિશારદ પણ માયાને આધીન રહ્યા. કામુક વૃત્તિઓથી ભરપૂર રહ્યા ! આજ

કારણ છે, શાસ્ત્રોથી વિશ્વનું કલ્યાણ નથી થયું, જ્યારે ઘર ઘરમાં શાસ્ત્રોનો અભ્યાસ થયો છે.

જ્યારે સત્ય (પરમાત્મા)થી આપણો યોગ થઈ જાય છે ત્યારે આપણે શક્તિઓથી પરિપૂર્ણ થઈએ છીએ. શાસ્ત્રોએ આપણો યોગ સત્યથી તોડી નાખ્યો. પોતાને જ સત્ય માનવાના ભ્રમથી આપણે શક્તિ હીન બન્યા. શક્તિઓનાં ચિત્ર બનાવી ભક્તોએ મંદિરમાં રાખી દીધાં, અને તેમની પૂજા કરવામાં જ પોતાનું પરમ કર્તવ્ય સમજ્યા, સ્વયંને શક્તિ સંપન્ન બનાવવાનું નહિ. કારણ કે તેઓએ શિવને, જે સર્વશક્તિવાન છે તેમને શક્તિઓથી અલગ કરી દીધા, શક્તિઓ પૂજનીય કેવી રીતે બની એ અંદાજ તેઓ ન લગાવી શક્યા. સત્યથી યોગ થતાં જ જીવન સ્વચ્છ બની જાય છે. આત્માની મલિનતા સમાપ્ત થઈ જાય છે. પરંતુ માનવ મન મલિન બનતા ગયા અસત્યતાની તરફ પ્રેરાઈને.

આપણા શાસ્ત્રોએ સર્વવ્યાપકતા અને લાખ યોનિઓનો સિદ્ધાંત બનાવી મનુષ્યને પાપકર્મથી બચાવવાની ઈચ્છા સેવી પરંતુ અસત્યમાં શક્તિ ક્યાં ? મનુષ્ય પાપના ખાડામાં પડતો જ આવ્યો. કારણ કે સિદ્ધાંત કેવળ ઠરાવ માત્ર હતો, સત્ય નહિ. પરમાત્મા સત્ય સિદ્ધાંત બતાવી ''મનુષ્યનો પુનર્જન્મ મનુષ્ય યોનિમાં જ થશે.'' મનુષ્યને પાપ કર્મથી બચાવી દે છે. આ જ તો સત્યની શક્તિ છે.

સત્ય (પરમાત્મા) સદા પવિત્ર છે, એટલે તેમનામાં માનવને પવિત્ર (સુંદર) બનાવવાની શક્તિ વિદ્યમાન છે. જ્યાં અસત્યતા છે ત્યાં પવિત્રતા અસંભવ છે, એટલે આજ સુધી ગૃહસ્થી મનુષ્ય પવિત્ર આત્માઓનું ગાયન જ કરતો રહ્યો. સ્વયંને પવિત્ર બનાવવાનું સાહસ તો શું સંકલ્પ પણ રાખી શક્યો નહિ, પરંતુ સત્ય પરમાત્મા દ્વારા આપવામાં આવેલા, સત્ય, સુંદર એવાં કલ્યાણકારી જ્ઞાનને પ્રાપ્ત કરીને સહજ રીતે નરનારી ગૃહસ્થ જીવનમાં પવિત્ર જીવન વ્યતીત કરી શકે છે. આ સત્યની એક માત્ર કસોટી છે.

સત્યમાં શક્તિ છે નિર્ભયતાની ! સત્યવાદી પુરુષ ભયભીત હોતો નથી, સત્ય કર્મ તેને નીડર બનાવી દે છે. ડર કોનો ? તે તો સર્વમાં સત્ય આત્માનાં જ દર્શન કરે છે. સિંહ પણ તેના સામે આવે તો તેમાં પણ તે સત્ય આત્મા જ જુએ છે અને સ્નેહથી ભરપૂર બની નિર્ભય રહે છે. પરંતુ સત્યમાં જરા પણ સંશય ન હોય. સત્યમાં સંશય મહાન અપરાધ છે અને મનુષ્યના પતનનું કારણ છે. અસત્ય બોલ અને વિચાર કરવાવાળા મનુષ્યના મનમાં સદા ભય રહેલો હોય છે. જ્યારે આપણે સાચા છીએ તો ડર કોનો ? ભલે આપણા ઉપર અસત્ય આરોપ પણ લગાવવામાં આવે પરંતુ સત્ય સદા આપણી રક્ષા કરશે જ. આપણે આપણા સત્યને મુખેથી પ્રસિદ્ધ કરવાની યા સિદ્ધ કરવાની આવશ્યકતા નથી, સત્ય તો સત્ય જ છે. તે આપ મેળે જ પ્રસિદ્ધ થઈ જાય છે. સત્ય ક્યારેય પણ છુપું નથી રહેતું. આવો નિર્ભય અને દૃઢ સંકલ્પવાળો પુરુષ જ વિશ્વકલ્યાણ કરી શકે છે અને વાસ્તવમાં આ નિર્ભયતા જ આત્માની સુંદરતા છે.

સત્યના બળ પર પ્રાચીન મહાપુરુષોએ મોટી મોટી શક્તિઓને પણ ઝૂકાવી દીધી. વાસ્તવમાં સત્ય માર્ગના યાત્રીને ઝૂકવાની આવશ્યકતા નથી. સત્ય માર્ગ પર અડોલ રહીને ચાલવું જોઈએ. સત્યના બળથી આપણે વિશ્વમાં ક્રાંતિ લાવી શકીએ છીએ. વિશ્વનું પુનઃનિર્માણ કરી શકીએ છીએ. સત્ય શક્તિ અન્તર્નિહીત છે અસત્યતાના વિનાશની. જ્યારે સત્ય ધર્મનો ઉદય થાય છે, ત્યારે અનેક અસત્ય ધર્મોનો સંહાર આપમેળે જ થી જાય છે. પ્રકાશ આવવાથી અંધકારને ભગાવવો પડતો નથી. સત્યના સામે અસત્યતાના કદમ ડોલવા માડે છે, સત્યના સામે અસત્ય ભયભીત બની જાય છે. સત્ય પ્રકટ થતાં જ

**(અનુસંધાન પેજ નં. ૨૭ પર)**

# નિયતિ અને માનવ

બી.કે. ગીતાબેન, શાંતિવન, આબુ રોડ

બૃહદ માનવજગત કેટલાંક ચોક્કસ નિયમો સાથે ચાલે છે. આ કાંઈ આડેધડ મનફાવે તેમ ચાલતું વિશ્વનાટક નથી. નિશ્ચિત સત્ય સિદ્ધાંતો પર આધારિત આ સૃષ્ટિચક્ર છે.

વિશ્વનાટક ત્રણ અવિનાશી પરિબળોનું બનેલું છે. પુરુષ, પ્રકૃતિ અને પરમાત્મા. પ્રકૃતિ, પુરુષને અનુસરે છે. માટે પુરુષ અર્થાત્ ચૈતન્ય શક્તિ મનુષ્યાત્મા પછી એ ચાહે પુરુષ તનધારી હોય કે સ્ત્રીતનધારી હોય, એ મહત્વપૂર્ણ ભૂમિકા ઉપર છે.

જે સનાતન સત્યો પર આ બેહદ માનવ જીવન ચાલે છે. એ સત્યો અનુસાર જ્યારે મનુષ્યાત્મા જીવન જીવે છે ત્યારે વિશ્વ એના યથાર્થ સ્વરૂપે રહે છે. જગત રાઈટીયસ અર્થાત્ સચખંડની સ્થિતિમાં હોય છે. પરંતુ જ્યારે આ સનાતન સત્યોની વિસ્મૃતિ થાય છે અને મનુષ્યાત્મા પોતાની અલ્પજ્ઞતા અનુસાર જીવન જીવે છે ત્યારે ક્રમશઃ વિશ્વ પણ જૂઠું બની જાય છે. જગત વ્યવસ્થિત જ છે, આપણે એના માળખાને તોડવા પ્રયત્ન કરીએ છીએ. ત્યારે દુ:ખી થઈએ છીએ. સત્ય સિદ્ધાંતોમાં ચાલવું એ બંધન કે કાયરતા કે લાચારી નથી. બલ્કે વિશેષ આધ્યાત્મિક શક્તિનું દ્યોતક છે, આત્માની એ મહાનતા છે. જ્યારે કે નિયતિનું ઉલ્લંઘન એક પ્રકારની ઉચ્છૃંખલતા છે, સ્વચ્છંદતા છે જે આપણા માટે દુ:ખનું કારણ બને છે.

ઘણાં એમ સમજે છે કે નિયતિ આગળ માનવ લાચાર છે. પરંતુ નહીં, નિયતિના નિયમો અનુસાર ચાલનાર તો શક્તિશાળી મહા માનવ છે જેને વિશ્વનાટકનું કોઈ પણ પરિવર્તન ચલિત નથી કરી શકતું. માટે સત્યનો સ્વીકાર એ તો મહાન બાબત છે. વ્યક્તિ કેટલીક માન્યતાઓ સાથે જ જીવન જીવતો હોય છે. પછી એ માન્યતાઓ પોતાની હોય કે બીજાની. તો પછી સત્ય માન્યતાઓના સ્વીકારને લાચારી કેવી રીતે કહેવાય? ઘણી વખત આપણે બોલતા હોઈએ છીએ કે હું તો કોઈનું ન માનું. મારું ધાર્યું જ કરું એવો બિનધાસ્ત! પરંતુ મારું ધાર્યું યથાર્થ ન હોય તો ? માટે મારું કે તમારું કે નિયતિનું એ મહત્ત્વનું નથી. પરંતુ યથાર્થ હોય, સત્ય હોય એ મહત્ત્વનું છે.

વિશ્વનાટકની રચના જ એવી છે કે એમાં બધું પરિવર્તનશીલ છે. આ મૂળ બાબતને અવગણી, ભૂલી આપણે મોહાંધ થઈએ છીએ અને અંતે દુ:ખી થઈએ છીએ. જે વિગત છે જ પરિવર્તનશીલ, એને સદાકાળ માટે પોતાની બનાવવાની આપણી મથામણ કેટલી વામણી છે ? અને પછી જ્યારે એ વ્યક્તિ કે વસ્તુ હાથમાંથી ચાલી જાય છે ત્યારે નિયતિ આગળ પામરતાની અનુભૂતિ આપણે કરીએ છીએ. પણ સાચા આધ્યાત્મિક પુરુષ બનીને આપણે ચાલીએ છીએ ત્યારે ક્યાંય, કોઈની સાથે આપણે બંધાતા જ નથી, લેપિત થતાં જ નથી જેથી પરિસ્થિતિ પરિવર્તન પ્રસંગે કંઈ છોડવાની કે ભૂલવાની વાત આવતી નથી. આના કારણે મનુષ્યાત્મા પોતાની સ્વસ્થ, ન્યારી સ્થિતિમાં સ્થિત રહી શકે છે. એની ખુશી, આનંદ, શાંતિ અચલ-અડોલ, અખંડ રહી શકે છે. નિયતિનાં નિયત સ્વરૂપનો સહર્ષ સ્વીકાર માનવીને હર્ષિત, પ્રફુલ્લિત રાખે છે.

આમ સાચા અર્થમાં મનુષ્યાત્મા આ વિશ્વનાટકની અંદર કેન્દ્રસ્થાને એવા ગૌરવશાળી

(અનુસંધાન પેજ નં. ૧૯ પર)

# મને પ્રભુ પંથે દોરી જનાર - મારી ગુરુમાતા

બ્ર.કુ. તૃપ્તિબેન, સુરત - વરાછા

દરેક વ્યક્તિના જીવન ઘડતરમાં તેની માતાનો ફાળો સવિશેષ હોય છે. મહાન પુરુષોના જીવન ચરિત્રો યા આત્મકથામાં આ સત્યનું પ્રમાણ અવશ્ય જોવા મળે છે. મહાત્મા ગાંધીજી ઈંગ્લેન્ડ ભણવા ગયા તે પૂર્વે તેમની માતા પૂતળીબાઈએ દારુ-માંસને નહિ અડવાની અને સ્ત્રીઓની સોબતથી દૂર રહેવાની પ્રતિજ્ઞા તેમની પાસે લેવડાવી હતી. તે તેમણે વિલાયતમાં અને ત્યારબાદ જીવનભર પાળી બતાવી હતી.

મને પણ પ્રભુપંથે દોરી, આ મહાન કર્તવ્ય માટે જીવન સમર્પણ કરવાની પ્રેરણા આપનાર મારી માતા છે. માત્ર મને જ નહિ, અન્ય અનેક આત્માઓને પ્રભુસંદેશ આપી જીવનને આધ્યાત્મિક પંથે દોરી જનાર એ પ્રભુ પસંદ આત્માની લગની વિશે થોડી વાતો કહેવાનું એટલા માટે મન થાય છે કે એક ગુપ્ત તીવ્ર પુરુષાર્થી આત્માનું જીવંત દૃષ્ટાંત અનેક આત્માઓમાં ઉત્સાહ-ઉમંગની ચિનગારી પ્રગટાવી શકે.

એમની પ્રભુપ્રીતિ, સેવા માટેની ગજબની તમન્ના, યોગીજીવન માટેની ચીવટ, સાવધાની, અંતર્મુખી અવસ્થા, નમ્રચિત્ત, સરળ સ્વભાવ અને વિશાળ પરિવારને સ્નેહની દોરીથી બાંધી એક રાખવાની અદ્‌ભુત આવડત - આ બધું એમનામાં જોઈને શીખતી રહી છું.

મારી માતાનો ઉછેર ધનવાન - અમીર કુટુંબમાં થયો હતો. પરણીને સાસરે આવીને જોયું તો વિશાળ - સંયુક્ત પરિવાર અને આવક અલ્પ. મારા પિતા બિપીનભાઈને રેલવેમાં સાધારણ પગારની નોકરી. ૧૮ સભ્યોનો પરિવાર અને આવકનો સ્ત્રોત એકજ. પતિને આર્થિક રૂપે સહાયરૂપ બનવાનો નિર્ણય એમણે કરી લીધો. સાસરીમાં જ રહીને ગ્રેજ્યુએટ થયાં. બી.એડ. પણ કર્યું. શિક્ષિકાની નોકરી પણ જુદા જુદા શહેરોમાં કરવી પડી. ૧૮ સભ્યોના પરિવારને સ્નેહથી સાચવવાનું, ઘરકામ અને



વ્યવહાર નિભાવવાના, નોકરી અને સંતાનોનો ઉછેર - ત્રણ ત્રણ મોરચા તે સંભાળતી. પાછળથી ચોથો મોરચો ખૂલ્યો એ અંત સુધી એણે પ્રેમથી સાચવ્યો - એ હતો ઈશ્વરીય સેવામાં ઓતપ્રોત થવાનો.

૩૭ વર્ષ પહેલાં એટલે ૧૯૭૮માં રાજકોટના શાસ્ત્રી મેદાનમાં યુગ નવનિર્માણ આધ્યાત્મિક મેળાનું આયોજન થયું હતું. આ મેળામાંથી અમારા પરિવારનો અલૌકિક જન્મ થયો. સૌ પ્રથમ મારી માતાએ પ્રભુમય જીવનનો માર્ગ પસંદ કર્યો. ઈશ્વર (શિવબાબા) પ્રતિ અપાર પ્રેમ, સમર્પિત બ્ર.કુ. બહેનો માટે અત્યંત સન્માનની ભાવના, તેમજ ઈશ્વરીય સેવાપ્રતિ ગજબની લગની. બસમાં હોય કે ટ્રેનમાં, સંપર્ક હોય કે સ્વજન, શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ... જે મળે તેમને હૃદયથી, ભાવનાપૂર્વક બાબાનો સંદેશ આપે જ. જેમ સૂર્ય પ્રકાશ આપવાનું કાર્ય રોજ નિયમિત કર્યે જ જાય છે, તેમ આ આત્મા રોજ ઘરનું કામકાજ આટોપી સવારે નવ પછી અચૂક સેવા અર્થે નીકળી જ જાય. દરમિયાન ક્યાંક સફેદ કપડાનો માંડવો (કોઈના મૃત્યુનો પ્રસંગ) નજરે ચઢી જાય તો પૂછવું જ શું ! સરસ્વતીમાતા તેમના ઘરમાં પહોંચી જાય - ભલેને અજાણ્યું હોય, ખૂબ સ્નેહથી આશ્વાસન આપે, આંસુ લૂછે, અડોશ - પડોશના લોકોને

ભેગા કરી કહે, **'ચાલો આપણે આત્માની શાંતિ - સદ્‌ગતિ અર્થે સત્સંગ કરીએ.'** મૃત્યુ વિશે જ્ઞાન આપી સાપ્તાહિક કોર્ષ માટે પ્રોત્સાહિત કરે. ગીતા પાઠશાળાનો પાયો નાંખીને જ ઝંપે. આમ ઘણી ગીતા પાઠશાળાઓ ઊભી કરવામાં નિમિત્ત બન્યાં. ન નિમંત્રણની આશા, ન તો પ્રશંસાની અપેક્ષા, એકદમ ન્યારો આત્મા. દિલમાં 'બાબા, બાબાની સ્મૃતિ અને ઈશ્વરીય સેવા' એ જ જીવનમંત્ર.

મને હંમેશા કહે, 'બેટા, આપણા સંબંધ - સંપર્કમાં આવેલ એકપણ આત્મા જો ઈશ્વરીય સંદેશથી વંચિત રહ્યો તો તેનો બોજ ચઢે આપણા મસ્તક પર. એ બોજ કાંઈ નાનોસૂનો નથી !' હું અને બા બસમાં સાથે જતાં ત્યારે તેઓ મને એમની સાથે ન બેસવા દે. જુદી સીટ પર બેસવા કહે. પ્રેમથી સમજાવે, 'મારી સાથે જે આત્મા આવીને બેસશે તેને હું સમજાવીશ અને તારી સાથે જે બેસે તેને તું સંદેશ આપજે, એક જ સમયમાં ડબલ સર્વિસ થાય ને ?' સેવાની લગન અને ધગશભર્યા તેમના શબ્દો હજીએ મારા કાનમાં ગુંજે છે. લૌકિક પરિવારમાં કે જ્ઞાતિમાં ક્યાંક સગાઈ, લગ્ન, વાસ્તુ કે અન્ય કોઈ પ્રસંગ હોય ત્યારે માતાજી તો તેમના રુહાની વ્યાપારમાં જ વ્યસ્ત હોય. મેં હંમેશા માર્ક કર્યું કે માતાજી ઘરની બહાર નીકળે ત્યારે હાથમાં પ્રદર્શની અંક, શિવસંદેશની પુસ્તિકા, કોઈ પેમ્પલેટની સાથે અન્ય સાહિત્ય હોય જ.

સાદગી, કરકસર, સચ્ચાઈ અને કર્તવ્યનિષ્ઠા સાથે શ્રીમત અને સ્મૃતિની પાંખો સાથે ઉત્સાહથી ઊડતીકલાના ગગનમાં વિહાર કરતી મારી માતાને અંગત શોખ માટે પોતાની કમાણીનો રૂપિયો પણ વાપરતાં મેં જોઈ નથી. સસ્તી સાડી, સાદું પર્સ ને સસ્તા સ્લીપર યા ચપ્પલ પહેરીને તે સેવા માટે રોજ નીકળી જતી. રીક્ષાના પૈસા ખર્ચવાને બદલે કહે, 'ચલો, પૈદલ જઈએ. તંદુરસ્તી વધશે ને યજ્ઞનું ધન પણ બચશે.' 'આ મારી કમાણીના પૈસા છે.' એવા શબ્દો તેના મુખે મેં કદી સાંભળ્યા નથી. જેની નસ નસમાં રુધિરની સાથે પ્રભુપ્રીતિ અને સેવાની લગનીની ધારા અવિરત વહ્યે જતી એવી મારી માતા વિશે જેટલું કહું એટલું ઓછું છે. મોહજીત બની પોતાની લાડકી દીકરીને યજ્ઞસેવામાં સમર્પિત કરી દેવાની હિંમત દાખવનાર અને મને પ્રેરનાર એ ગુરુ સમાન માતાને મારા શત શત પ્રણામ છે.

દસ યા અગિયાર વર્ષની મારી વયે એ જ્ઞાનમાં આવી. થોડા સમયમાં જ અન્નશુદ્ધિ, નિત્યમુરલી, અમૃતવેલા અને પવિત્રતાની ધારણા જેવા પાયાના વ્રતો તેણે દૃઢતાથી અમલમાં મૂકી દીધાં. અમૃતવેલાએ પ્રેમથી મને પણ જગાડવાનો તેનો નિત્યક્રમ. 'બેટા અમૃતવેલા થઈ ઊઠો હવે. બાબા આપણી રાહ જુએ છે.' રુહાની સ્નેહથી ઝરતાં તેના મધુર શબ્દો હજી યે મારાં રોમ રોમને આંદોલિત કરી દે છે. મારા માનસપટ પર અમૃતવેલાના યોગને મિસ નહીં કરવાનાં સંસ્કાર એવાં દૃઢ કરી દીધાં કે સમર્પિત જીવનની સંતુષ્ટતા અને ઈશ્વરીય સેવાની વૃદ્ધિમાં મારી સાથે બાબાની મદદ અને છત્રછાયા સદા મહેસૂસ કરું છું.

વિદાય લેવાના અંતિમ સમય પૂર્વે તેમને બે વખત હાર્ટ-અટેક આવી ગયાં. બન્ને વખતે બચી ગયાં. બાબાની સેવામાં હજુ તેમનો ઉપયોગ બાકી હશે. તેને અણસાર આવી ગયો હતો કે વિદાયની ઘડીઓ નજીક આવી રહી છે. 'અબ વાપિસ ઘર જાના હૈ' મંત્ર તે સ્મૃતિમાં વાગોળતી હશે. મૃત્યુ ધીમે પગલે તેની સમીપ આવી રહ્યું હતું. રાજકોટની વોકહાર્ટ હોસ્પિટલમાં દાખલ કર્યાના સમાચાર જાણી હું તેની સમીપ પહોંચી ગઈ. બન્ને કિડનીઓ ફેલ, લીવર કામ ન કરે, હૃદય માત્ર ૧૦ થી ૧૫ ટકા ધબકે, અરે, હાલત તો એવી હતી કે ગળામાં, હાથમાં, છાતી પર દરેક જગ્યાએ લાંબી સોય અને નળીઓથી તેના શરીરમાં અનેક કાણાં

પડી ગયેલા. તેનો અવાજ મંદ પડી ગયો હતો. હું પૂછતી, 'બા, બહુ પીડા થાય છે?' ઉત્તરમાં ચહેરા પર ખુશી અને ધીમા સ્વરે 'બાબા, બાબા, બાબા.... ' નું રટણ.

એક દિવસ વહેલી સવારે સિનિયર કાર્ડિયોલોજીસ્ટ ડોક્ટર રાઉન્ડ પર નીકળેલા. સરસ્વતી માતાએ તેમને હસતાં ચહેરે પ્રેમથી બોલાવી ધીમા અવાજે કહ્યું, 'ડો. સાહેબ, તમે બહુ મોટા ડોક્ટર તો બન્યા છો. હવે તમારે સતયુગી વિશ્વના મહારાજન બનવું છે ?' મેં જોયું કે એટલા મોટા અનુભવી ડોક્ટર બાળકની જેમ બા સાથે હકારમાં માથું હલાવી રહ્યા હતા. બાએ જલદીથી 'પરમાત્મા ધરતી પર આવી ચૂક્યા છે.' શીર્ષક વાળું પેમ્પલેટ આપતાં કહ્યું, 'સાહેબ, જ્યોતિસ્વરૂપ પરમપિતા પરમાત્માને ઓળખી ૨૧ જન્મનો સતયુગી વારસો મેળવી લો. સાત લેશનનો કોર્ષ કરી લેશો તો ધન્ય બની જશો. ગેરન્ટી સાથે કહું છું - સતયુગી વિશ્વના મહારાજન જરૂરથી બનશો.' આવી હતી ઓથોરીટીપૂર્વકની તેમની સેવા.

હોસ્પિટલમાં કાર્યરત નર્સો, સફાઈકામદારો વગેરેને તેઓ પ્રભુપ્રસાદની સાથે શિવસંદેશની પુસ્તિકા, બોલપેન, કીચેન વગેરે ભેટ આપ્યે જ રાખે. થોડા દિવસની હોસ્પિટલની સારવાર પણ જાણે સેવા અર્થ હોય તેવું મેં અનુભવ્યું. દરરોજ રાજકોટનાં વિવિધ સેવાકેન્દ્રનાં સમર્પિત બહેનો આવતાં રહેતાં. શ્વેત વસ્ત્રધારી બી.કે. ભાઈ-બહેનોનો અવિરત પ્રવાહ ચાલતો જ રહેતો. હોસ્પિટલ જાણે સેવાકેન્દ્રમાં બદલાઈ ગઈ હોય તેવો માહોલ રચાયો હતો. હું એ નાની મોટી તમામ ટીચર્સ બહેનો અને બી.કે. ભાઈ-બહેનોની આભારી છું કે જેમણે માતાજીનાં આવા અતિ કર્મભોગનાં સમયે યોગનો સહયોગ, સ્નેહનો સહયોગ, સહાનુભૂતિનો સહયોગ અમારા પરિવારને આપ્યો. હું તેમને રોજ મુરલીનાં મહાવાક્યો સંભળાવતી. તે કહેતી 'સાજી થઈને ઘરે આવ્યા પછી ડે ટુ ડેની મુરલી વાંચી મારે મહત્ત્વના પોઈન્ટ ડાયરીમાં લખવા પડશે.' આવી હતી તેની મુરલી માટેની લગન.

આઈ.સી.યુ. કેર યુનિટમાં તેના અંતિમ દિવસો હતા. અંતિમ વિદાયનો આભાસ એ પામી ગઈ હતી. શાંત સ્થિતિમાં, એણે થોડા શબ્દો ઉચ્ચાર્યા, 'જો બાબા મારી સામે આવી રહ્યા છે - મને લેવા. તેમણે મારી બધી પીડા હરી લીધી છે. એ મારામાં સમાઈ ગયા છે.' એવામાં સાંજના સમયે ડોક્ટર રાઉન્ડ પર આવ્યા. બાએ હસતાં ચહેરે ડોક્ટરને દૃષ્ટિ આપી. ડોક્ટર બોલ્યા, 'વર્ષોથી હું દરેક પેશન્ટનાં ચહેરા જોઉં છું. - હંમેશા દુ:ખી, ઉદાસ, ગંભીર અને મૃત્યુની આશંકાથી ભયભીત. એક માત્ર આ પેશન્ટ એવા છે જે આટલી બધી પીડા હોવા છતાં રોજ મને ખુશી ખુશીથી આવકારે છે.' પ્રસન્ન ચહેરા અને આત્મીય દૃષ્ટિ દ્વારા થતી તેની સેવાથી હોસ્પિટલના સ્ટાફમાં તેના પ્રતિ ખૂબ આદરભાવ પેદા થતો. જીંદગીભરની તેની નિ:સ્વાર્થ સેવાનું આ ફળ હતું.

હવે માત્ર આઠ દસ ચમચી જ ખોરાક તે માંડ લઈ શકતી. શરીરમાં અતિશય અશક્તિ, બોલવાની તાકાત ખતમ. મારું સંપૂર્ણ જીવન બનાવનાર સ્નેહથી સિંચન કરનાર તે જનેતા હતી. તેની કાયમની વિદાય મારા માટે ખૂબ અસહ્ય હતી. પરંતુ આ પરીક્ષામાં મને પાસ કરાવવાનો સંપૂર્ણ યશ બાબાની અવિરત, નિરંતર મદદ અને નડિયાદ સબઝોનનાં સંચાલિકા પૂર્ણિમાદીદી દ્વારા મળેલ ભરપૂર હિંમતને છે. તેઓ ફોન દ્વારા પ્રતિદિન પોતાના જીવનના પ્રેક્ટિકલ અનુભવો, બડી દીદી અને દાદીઓના નજરે નિહાળેલા પ્રસંગો સંભળાવી ખૂબ હિંમત આપતાં રહ્યાં. જેનું પરિણામ માતાજીની અંતિમ

ચિર વિદાય વખતે ચારે તરફના કરુણ રુદન વચ્ચે પણ મારી શાંત અને આંસુ વગરની આંખો હતી. વિદાયનો એ દિવસ પણ સત્‌ગુરુવાર હતો. જ્યારે વિશ્વનાં તમામ સેવાકેન્દ્રો ભોગ લગાવતા હોય છે. બાબાના ઘરનું જળ મુખમાં સ્વીકારી, તેણે અંતિમ શ્વાસ મૂક્યો અને બાબાની ગોદ સ્વીકારી.

એ આત્માની સ્મશાન યાત્રા પ્રસંગે ધવલ વસ્ત્રધારી બ્ર.કુ. ભાઈ-બહેનો, પરિવાર સાથે જ્ઞાતિજનો, તેમણે ભણાવીને હવે ગૃહસ્થી બનેલા વિદ્યાર્થીઓ અશ્રુભીની આંખે જોડાયાં હતાં. લોકો અચરજભરી આંખે આ શાંતિયાત્રા નિહાળી રહ્યાં હતાં.સ્કૂલમાં શિક્ષિકા હોવાને કારણે માત્ર રવિવાર જ તેના માટે રજાનો દિવસ હતો. દર રવિવારે કુટુંબના સભ્યોનું ભોજન બનાવી પોતાનું ટીફીન લઈ સવારથી સાંજ સુધી સ્મશાનમાં આવતાં લોકોને ખૂબ પ્રેમથી બાબાનું જ્ઞાન સંભળાવે. બસ એજ સ્મશાનમાં તેમના અંતિમ સંસ્કાર થયા. એક તરફ તેમનો નશ્વર દેહ અગ્નિ જ્વાલાઓમાં વિલીન થઈ રહ્યો હતો અને બીજી તરફ અંતિમ યાત્રામાં આવેલ અનેક લોકોની સામે મૃત્યુ અને જીવન વિશે હું પ્રવચન કરી રહી હતી. મા સૂક્ષ્મ શરીરે આ દ્રશ્ય જોઈ અનહદ ખુશ થઈ રહી છે તેવું મેં અનુભવ્યું. અંતરની મારી આરઝૂ છે કે આવી પ્રેમમૂર્તિ, નિઃસ્વાર્થ સેવાધારી, સંસ્કાર મૂર્તિ મારી ગુરુમાતા ફરી ફરી મને જનેતા રૂપે મળે.

એ આત્માને શ્રદ્ધાંજલી આપવા રાજકોટના સર્વ સેવાકેન્દ્રની નિમિત્ત અને સાથી સમર્પિત બહેનો તથા ભાઈઓ, સુરત-વરાછા અંતર્ગત સેવાકેન્દ્રોના ભાઈ-બહેનો, નડિયાદ સબઝોનના સેવાકેન્દ્રોની નિમિત્ત બહેનો અને મુખ્ય ભાઈઓ તેમજ પરિવારના સ્વજનો, સ્નેહીઓ હોલમાં ઉપસ્થિત હતાં. સૌ સદ્‌ગત આત્માને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલી અર્પણ કરી રહ્યાં હતાં. નાદુરસ્ત તબિયત છતાં રાજકોટ સબઝોન સંચાલિકા ભારતીદીદીએ મંચ પર ઉપસ્થિત રહી સરસ્વતી માતાની સેવા અને બાબા સાથેની લગનીને બિરદાવી. નડિયાદ સબઝોન સંચાલિકા પૂર્ણિમાદીદીએ સદ્‌ગત આત્માની વિશેષતાઓની સરાહના સાથે કહ્યું કે તેમણે પોતાની એકની એક કન્યા રત્નને બાબાના બેહદના યજ્ઞમાં અર્પણ કરી ત્યાગ-તપસ્યા અને સેવા દ્વારા મહાન ભાગ્ય બનાવ્યું છે. મારી ગુરુ સમાન માતા ધૂપસળીની માફક ચારે તરફ મહેંક પ્રસરાવતું જીવન જીવ્યાં. મૃત્યુને ખુશીથી આવકાર્યું. સ્થૂળ દેહથી વિદાય લેવા છતાં સ્મૃતિરૂપે અનેકોનાં હૃદયમાં ચિરકાળ સુધી જીવંત રહેશે. **॥ઓમશાંતિ॥**

**(પેજ નં. ૨૨નું અનુસંધાન)**

અસત્યનાં મૂળ કમજોર બની જાય છે. વાસ્તવમાં અસત્યમાં શક્તિ છે જ ક્યાં ?

સત્ય શિવ દ્વારા બતાવવામાં આવેલું સુંદરતમ સત્ય આપણા અંતઃકરણમાં સમાઈ જાય તો આપણું અંતઃકરણ સાચે જ સત્યના પ્રાદુર્ભાવથી પ્રફુલ્લિત થઈ જાય અને સુંદર અલૌકિક, વિશ્વનું આકર્ષણ બની જશે. આપણા જીવનમાંથી આ અસત્યતાનો લોપ-કામ, ક્રોધ-સ્વતઃ જ ભસ્મીભૂત થઈ જશે. અને ત્યારે જ આપણે માનવ, સત્યમાનવ દેવમાનવ બની શકીશું. આજ સુધીના માર્ગોએ મનુષ્યને દેવ નથી બનાવ્યો. આજ તો માનવ નામ માત્ર માનવ રહી ગયો. તેની તુલના જાનવરોથી કરવી ગ્લાનિ નહીં કહેવાય પરંતુ જાનવરથી પણ બદતર, કારણ કે, જાનવર પણ મર્યાદિત જીવન વિતાવે છે. મનુષ્ય તો સંયમને ભૂલી જ ગયો છે. એટલે હે દેવ પૂજારીઓ, પોતાનો માર્ગ બદલો અને દેવ તુલ્ય બનવાનો પુરુષાર્થ કરો ! ભલે તમારે કંઈ પણ સહન કરવું પડે.... સહન કરવામાં જ આનંદ મળે અને અંતમાં પરમ આનંદની પ્રાપ્તિ થાય.... **॥ઓમશાંતિ॥**

# સાર્વભૌમિક શાંતિ અને શુભભાવના

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

વર્તમાન સમયે પ્રત્યેક માનવનાં મનમંદિરમાંથી, પરિવારનાં સ્નેહરૂપી પિંજરામાંથી, સમાજના દિલ-દરબારથી, દેશના દિમાગરૂપી ઘરથી, અને વિશ્વનાં હૃદયરૂપી વૃક્ષથી શાંતિરૂપી પંખીડું ઉડી ગયું છે એટલે વિશ્વની ચારે દિશાઓ ભય, ભૂખ, ભ્રષ્ટાચાર અને ભૌતિકવાદથી પીડિત છે, દુ:ખી અશાંત છે. શાંતિ પ્રાપ્ત કરવાનાં સાધનોની ખામી નથી. વિજ્ઞાનની પ્રગતિના પંથે એક સેકંડમાં અસંભવ કાર્ય સંભવ થઈ જાય છે. ઈલેક્ટ્રીકની એક સ્વીચે ઠંડુ-ગરમ પાણી, કુકરની સીટીએ એક કલાકમાં ભોજન તૈયાર, રેડિયો, ટી.વી માધ્યમથી આખા વિશ્વનાં નજારાનું અવલોકન. સેલફોન દ્વારા સેકંડમાં સમીપતાનો અનુભવ.

તદ્ઉપરાંત અનેકાનેક મશીનરીઓ, કંપનીઓ, બીગબજારો, મોલ, મહેલો, વગેરેનું આકર્ષણ વધતું જ જાય છે. દવાખાનાઓ, હવાખાવાના સ્થળો, હોસ્પિટલો, તીર્થસ્થાનો, મંદિરો, મસ્જીદો, ગુરુદ્વારાઓ, ચર્ચો સર્વે સ્થાનોની ખામી નથી. લોકો પોતાના રોજિંદા વ્યવહારમાં સાઈકલથી લઈ હવાઈ જહાજનો સહારો લઈ જીવન વ્યતીત કરી રહ્યા છે. ગરીબથી લઈને અર્બોખર્બોપતિઓનું લક્ષ એક જ છે. શાંતિ, શાંતિ, પરંતુ શાંતિરૂપી પંખીડું તો ક્યાંય દેખાતું જ નથી. ક્યાં ઉડી ગયું ? શા માટે ઉડી ગયું ! શું એ ફરીથી વિશ્વવૃક્ષ પર વિરાજમાન થઈ શકે છે ? તેમ જ શાંતિરૂપી પંખીડાની શુભભાવના અને શુભકામનાઓ રૂપી પાંખો કોણે કાપી નાંખી છે. જે ફરીથી મળી શકે છે ! કે જેનાં કારણે સમસ્ત વિશ્વના આત્માઓ દુ:ખી અશાંત બની ગયા છે. જે શુભભાવના અને શુભકામનાઓનો શ્વાસ રૂંધાઈ ગયો છે એ ફરીથી એમાં ચેતના આવી શકે છે ? કેવી રીતે ? આપણે જોઈએ.

પહેલી વાત - પંખીડુ ક્યાં ઉડી ગયું ! અને શા માટે ઉડી ગયું ? કારણ એ કે એને જોઈતું હતું શુદ્ધ સ્વચ્છ પ્રેમનું પાણી, શ્રેષ્ઠ ભાવનાઓનું ભોજન અને વિશ્વબંધુત્વ. જેની એકાત્મકતાનું ઘર, એ ન મળ્યું. એનાં બદલામાં વિષયવિકારોનું પાણી, વ્યર્થ સંકલ્પોનું અશુદ્ધ ભોજન અને મલેચ્છભાવનાઓનું ઘર, જેના કારણે શાંતિરૂપી પંખીડું ઉડી ગયું અને સાત્વિક સતોપ્રધાન સૃષ્ટિરૂપી વૃક્ષ, અઘોર પાપનાં કારણે દુ:ખી અશાંત, રોગી, શોકાતુર, જડજડીભૂત બની ગયું. એની પ્રત્યેક ડાળી કળિયુગના તમોપ્રધાનતાનાં વાતાવરણથી કાળી થઈ ગઈ છે. અનેકાનેક સંકટોનાં કારણે પ્રત્યેક પાંદડાઓ શિથિલ થઈ પડવા લાગ્યા અને શાંતિરૂપી પંખીડું મનુષ્યની દિલરૂપી દુનિયામાંથી ઉડી ગયું. જીવનમાં જે એકાગ્રતા, ઉદારતા, ધૈર્યતા, સરળતા, સાદગી, પારસ્પરિક આત્મીય સ્નેહ સહયોગની ભાવના જેવા સદ્ગુણો ચાલ્યાં ગયા, ફક્ત સ્વાર્થ, શોષણવૃત્તિ, ચોરી ચાલાકી, જેવા દુર્ગુણો ડોકિયાં કાઢવા મંડ્યા અને અહંકાર, લોભ, મોહ, ક્રોધ, કામવાસના રૂપી સાપો વૃક્ષ પર ફર્યા કરે, ઈર્ષા અદેખાઈ વેર-ઝેર જેવા દુર્ગુણો વાઘ સિંહની જેમ લટારો માર્યા કરે, ત્યાં આ પંખીડું બેસીને શું કરે ! એટલે એ ઉડી ગયું !

**ન ઠામ ન ઠેકાણું,**
**જેની જીવનરૂપી નાવમાં જ કાણું,**
**ત્યાં પરિશ્રમ કરે છતાં,**
**વ્યર્થ જાય સમય રૂપી નાણું.**

બીજી વાત - શું એ પંખીડું વિશ્વરૂપી વૃક્ષ પર બિરાજમાન થઈ શકે છે !

કેવી રીતે ! પ્રત્યેક માનવ આત્માઓમાં પ્રભુએ એક દૃઢતાની શક્તિ બક્ષિસમાં આપી છે પરંતુ એ આવા કપરાકાળમાં એનો ઉપયોગ કરે તો અસંભવ કાર્ય સંભવ થઈ શકે છે. **દૃઢતા એ સફળતાની ચાવી છે.** માનવ પોતાની વૃત્તિને આધ્યાત્મિક ઈશ્વરીય શક્તિનાં બળે જાગૃત કરે તો શક્ય બની શકે છે.

પરંતુ વર્તમાન સમયે મનુષ્યાત્માઓની સંપત્તિ, વાસના, વ્યસન અને ફેશન થઈ ગઈ છે. વાત વાતમાં વિકૃત પ્રકૃતિથી થતાં અસ્વીકૃત પ્રહારો, આદિ સંસ્કૃતિની વિસ્મૃતિનાં કારણે વિઘ્નરૂપ બનતાં જૂના સંસ્કારો, સ્વભાવો, ખોટું બોલવું, હિંસા કરવી, વાતોની હેરાફેરી કરવી, આત્મહત્યા, શરીરઘાત કરવો, વ્યર્થને સમર્થન આપવું, કાંટાઓને તારી ફુલોને ડુબાડવા, પારસને છોડી પથ્થરોને વીણવા, સત્યતાને છોડી અંધારા કુવામાં ઉતરવું તથા ઉતારવું, હજારો સુખોમાં પણ દિલમાં અથાહ દુઃખનો દરિયો અનુભવ કરવો, ગોરા તનનું, ચંચળ મનનું અને કાળાધનનું અભિમાન કરવું ત્યાં સ્વાભાવિક જ શ્રેષ્ઠ વૃક્ષ ખોખલું થઈ જ જાયને ! ત્યાં પંખીડુ કેવી રીતે બિરાજમાન થાય ! જેથી માનવ આત્માઓ પોતાના મનરૂપી મોરલાને જ્ઞાનરૂપી મોતી રોજ ચણવા આપે તો એ મોરલો થનગન થનગન નાચી ઉઠે, અને પવિત્ર પ્રેમની ધારાનાં ચમકારા એની આંખોમાં ચમકે ત્યારે એ ઈશ્વરીય જ્ઞાન અને રાજયોગની શક્તિ વડે સોળેકળાએ ખીલી ઉઠે. ચારે તરફ શુભભાવનાઓનો સ્ત્રોત વહે તો શું શાંતિરૂપી પંખીડું વિશ્વ વૃક્ષ પર ફરીથી બિરાજમાન ન થાય ! થઈ જ જાય.

અને ખરેખર જીવનરૂપી બગીચામાં એક નવી હરિયાળી આવી જાય. અરે ! ચિંતા છે શાની ! જ્યારે મન સ્વચિંતનમાં જોડાય છે, ત્યારે પરચિંતનથી ઉપજેલી પરિસ્થિતિઓનાં તાળાઓ તૂટી જાય છે. ભ્રષ્ટાચારનો ભૂકંપ અને ભયનાં ભૂતો પણ ભાગી જાય છે, અશાંતિનાં વહેણ સૂકાઈ જઈને સાચી શક્તિનો અનુભવ થાય છે.

ત્રીજી વાત - શુભભાવનાઓ અને શુભકામનાઓની પાંખો કોણે કાપી નાખી છે ! એ ફરીથી મળી શકે !

વાહ ! જ્યારે શક્તિના સાગર પરમપિતા પરમાત્મા નિરાકાર શિવબાબા જ મળી જાય છે. એની વિશાળ છત્રછાયા જીવનને નિશ્ચિંત બનાવી દે છે ત્યારે પાંચ વિકારો રૂપી માયા મારીચ કે જેણે પંખીડાની પાંખો કાપી નાંખી હતી એ માયા મારીચ પણ ઈશ્વરીય જ્ઞાનની તલવાર, યાદના કવચ અને ભાવિની ઢાલ જોઈને શરણાગતિ લઈ લે છે. એનો વધ જ થઈ જાય છે. માયા મારીચને ઢળતો જોઈ શાંતિરૂપી પંખીડાં ઈશ્વરીય અનોખા આનંદમાં નાચી ઉઠે છે કારણ કે એને ફરીથી શુભભાવના અને શુભકામનાઓની બે પાંખો મળી જાય છે. એક ઈશ્વરનાં અનહદ ગુણો ગાય છે. ધન્યવાદ અદા કરે છે અને ખુશી ખુશીમાં નાચી ઉઠે છે અને ગીત ગાય છે.

**સાર્વભૌમિક એકતાના સૂરે,**
**પ્રભુ બાંધ્યા તે સ્નેહના તાર,**
**કેમ વિસરું એક ઘડી પણ,**
**મને તારો જ સાચો આધાર.**

॥ ઓમશાંતિ ॥

---

**શિવબાબા રાજી રાજી થાય, એવાં જ કામ કરીએ. ચઢતી કળાના પુરુષાર્થથી જીવન સાર્થક કરીએ.**

**- કિશોર મહેતા, ધોરાજી**

# સંગઠન ભાવનાનું નિર્માણ કરો, સફળતા હશે તમારા ચરણોમાં

## બ્ર.કુ. પ્રફુલ્લચંદ્ર શાહ, નડીઆદ

વિશ્વનો સફળ ઉદ્યોગપતિ હેન્રીફોર્ડ પોતાના જીવનની સફળતાનું શ્રેય સંગઠન ભાવના (Team Spirit) ને આપે છે અને કહે છે કે **''ભેગા થવું એ સફળતા તરફ આગળ વધવાની શરૂઆત છે. ભેગા રહેવું એ વિકાસ છે. અને ભેગા થઈ કામ કરવું એ સફળતા છે.''** કોઈ પણ સંસ્થા, સંગઠન કે સંઘની ઉપલબ્ધિઓ તેના દરેક કર્મચારીના સંયુક્ત તેમજ સંગઠિત રૂપમાં કરેલા પ્રયાસનું પરિણામ છે. કોઈ એમ માને કે મારે લીધે સંસ્થા ચાલે છે તો તે એક ભ્રમણા છે. કોઈપણ સંસ્થામાં દરેક વ્યક્તિ સાંકળની કડી સમાન છે. સાંકળની એક કડી જો કમજોર હશે તો સાંકળ ક્યારે પણ તૂટી જશે.

**સંગઠન એટલે શું ?**

સંગઠન એટલે સાથે મળીને કશુંક કરતા લોકો. દા.ત. ક્રિકેટ ટીમ, કન્સ્ટ્રક્શન ટીમ, પરિવાર, ઉદ્યોગ વગેરે..

**ટીમ સ્પીરીટ એટલે શું ?**

એક સાર્વજનિક લક્ષ્ય સિદ્ધિ માટે બધાની એકજૂટ થઈ કામ કરવાની ભાવના એટલે ટીમ સ્પીરીટ.

**ટીમ વર્ક એટલે શું ?**

દરેક વ્યક્તિના પ્રયાસ તેમજ પ્રાપ્તિને સંગઠનના ધ્યેય તરફ વાળવામાં આવે તે છે ટીમ વર્ક.

**ટીમ બિલ્ડીંગ એટલે શું ?**

સંગઠીત રૂપમાં ભેગા થયેલા લોકોને તેમના લક્ષ્ય સુધી પહોંચાડવા માટે સક્ષમ બનાવવાની પ્રક્રિયા એટલે સંગઠન નિર્માણ - ટીમ બિલ્ડીંગ. સફળતાની પ્રાપ્તિ માટે સંગઠન ભાવનાનું નિર્માણ કરવું અત્યંત જરૂરી છે. આ અંગે આપણે ત્યાં ઘણું બધું કહેવાયું છે, સહયોગથી થશે સર્વોદય, એક અકેલા થક જાયેગા, મિલકર બોજ ઉઠાના, સાથી હાથ બઢાના, સંપ ત્યાં જંપ, અનેકતામાં એકતા.

**ટીમ બિલ્ડીંગ માટેના સોનેરી સિદ્ધાંતો**

- અવાર-નવાર બધા સાથે મળો, લક્ષ્યને સેટ કરો, લક્ષ સિદ્ધિ માટે સામૂહિક પ્રયાસોનો એક્શન પ્લાન તૈયાર કરો અને આગળ વધો.
- સંગઠનમાં બધાનું સશક્તિકરણ જ્ઞાન વર્ધન અને ઉત્તરોત્તર વિકાસ એ સંગઠનની કાર્યદક્ષતા તેમજ કાર્યક્ષમતામાં સતત વધારો કરશે અને વધુ સિદ્ધિ અપાવશે.
- સંગઠનમાં દરેક વ્યક્તિમાં, ભલે તે લીડર ન પણ હોય, લીડરના ગુણો હોવા સંગઠનની સફળતા માટે આવશ્યક છે. જે બધાને સાંભળે છે, બધામાં ઉમંગ ઉત્સાહ ભરે છે. સમર્પણની ભાવના રાખે છે, બીજાના કામની કદર કરે છે. બીજાનું સન્માન જાળવે છે અને લોકોની સદ્ભાવના મેળવે છે. કોઈ પણ ઉપલબ્ધિ સંગઠનની ઉપલબ્ધિ માને છે તે જ સાચો લીડર છે.
- સંગઠનનો લીડર દીર્ઘ દૃષ્ટિવાળો હોવો જોઈએ. સકારાત્મક તેમજ રચનાત્મક નેતૃત્વ પૂરું પાડી સંગઠનને મજબૂત કરી શકે એવો હોવો જોઈએ.
- બધાં સાથે સંપર્ક તેમજ સંચાર બનાવી રાખીને પરિસ્થિતિને સંભાળે અને કાર્યદક્ષ અસરકારક પ્રબંધન પૂરું પાડે. અસરકારક કોમ્યુનિકેશન માટે સંગઠનના દરેક

સદસ્યની કોમ્યુનિકેશન સ્કીલનો વિકાસ કરવા તાલીમ શિબિરોનું આયોજન કરે અને આધુનિક કોમ્યુનિકેશન પદ્ધતિઓનો ઉપયોગ કરે.

- જે કામ કરે છે તેની જ ભૂલ થવાની સંભાવના છે એટલે ભૂલ થઈ જાય તો ગભરાશો નહીં. નિરાશ ન થશો, પરંતુ કરેલી ભૂલમાંથી શીખ લો. તે ભૂલ ફરીથી ન થાય તેના માટે સતર્ક રહો, જો ભૂલ થઈ હોય તો સંગઠનની માફી માંગી લેશો તો તમારી વિશ્વસનિયતા જળવાઈ રહેશે.
- સંગઠનની મજબૂતી તેમજ વિકાસ માટે દરેક રચનાત્મક (Creative) સક્રિયાત્મક (Proactive) તેમજ અભિનવ (Innovative) બનવાની જરૂર છે.
- સંગઠનના દરેક સદસ્યે એકબીજાને પ્રોત્સાહિત કરતા રહેવું જોઈએ તેમજ સંગઠનની એકતા જાળવી રાખવી જોઈએ.
- દરેકના કામની કદર કરો. કોઈ દ્વારા થયેલી ભૂલને ધ્યાન પર લાવવી હોય તો પ્રથમ તેની બે વિશેષતાઓની કે કામની કદર કરો અને ત્યારબાદ તેની ભૂલ તરફ પ્રેમથી ધ્યાન દોરો. ભૂલ સુધારવા આપના સાથની બાંહેધરી આપી તેને ભૂલ સુધારવા પ્રોત્સાહિત કરો. જો કોઈની ભૂલને ધ્યાન પર લાવવા માંગતા હો તો તરત જ ધ્યાન પર લાવો. મોડું કરશો નહીં (Delay is Dangerous). ભૂલ બતાવતી વખતે સ્પષ્ટ અને ચોક્કસ રહો. સાચી વ્યક્તિની લાગણી દુભાય નહિ તે રીતે ભૂલને ધ્યાન પર લાવો. ત્યાર બાદ શાંત રહો, કોઈ પ્રતિક્રિયા ન આપો.
- તમારા કાર્ય પ્રતિ તેમજ સંગઠન પ્રતિ પ્રમાણિક તેમજ પ્રતિબદ્ધ (commited) રહો. નિષ્ઠા અને પ્રતિબદ્ધતા સંગઠન નિર્માણ માટે ખૂબ જ જરૂરી છે.
- સંગઠનમાં એવી ભાવના ઉભી કરો, જેથી સંગઠનનો દરેક સદસ્ય એવું ઈચ્છે તેમજ એવો પ્રયાસ કરે કે આખી ટીમનો વિજય થાય. ટીમના વિજયમાંજ મારો વિજય સમાયેલો છે. વ્યક્તિગત વિજયની લાલસા સંગઠન ભાવનાને તોડી નાંખશે.
- ટીમ જાળવી રાખવી હોય તો પી.એચ.ડી. (Pull Him Down) ની ભાવનાથી દૂર રહો. કોઈના ટાંટીયા ખેંચવાનો પ્રયાસ સંગઠનને કમજોર કરી દેશે. કોઈને પણ નીચા દેખાડવાના પ્રયાસથી દૂર રહો.
- સંગઠનની ભાવના અને એકતા સુસંવાદિતા (Harmony) નું સંગીત છે, હંમેશા ખુશ રહો, સંતુષ્ટ રહો અને હસતા રહો.

॥ ઓમશાંતિ ॥

**વિદેહી એટલે દેહથી ન્યારા. સ્વભાવ, સંસ્કાર, નબળાઈઓ સર્વ દેહની સાથે છે અને દેહથી ન્યારા થઈ ગયા તો સૌથી ન્યારા થઈ ગયા એટલે આ ડ્રીલ ઘણી મદદ કરશે. એમાં કન્ટ્રોલીંગ પાવર જોઈએ.**

**મનની એકાગ્રતા જ એકરસ સ્થિતિનો અનુભવ કરાવશે. એકાગ્રતાની શક્તિ દ્વારા અવ્યક્ત ફરિસ્તા સ્થિતિનો સહજ અનુભવ કરી શકશો. એકાગ્રતા અર્થાત્ મનને જ્યાં ઈચ્છો, જેવી રીતે ઈચ્છો, જેટલા સમય માટે ઈચ્છો એટલો સમય એકાગ્ર કરી લો. મન વશમાં હોય.**

## યુવા વિભાગ

# અનુભવીમૂર્ત ભવ !

બી.કે. જયુભાઈ રહેવર, મહાદેવનગર, અમદાવાદ.

પ્રત્યેક દિવસ એક અપેક્ષા સાથે શરૂ થાય છે અને એક અનુભવ સાથે પૂરો થાય છે. ગુજરાતીમાં કહેવત છે - અનુભવ મોટો શિક્ષક છે. સમય અનુભવના લોકરમાં સુરક્ષિત છે અને અનુભવ સમયનું બચત ખાતું છે. અનુભવના આધારે જ આપણે ઘણા બધા સમય અને શક્તિની બચત કરી શકીએ. નવી પેઢી તેનો લાભ લે તો સફળ અને સુરક્ષિત રહી શકે. વારસામાં મળતા સંસ્કારો અનુભવોનું જ બીજુ રૂપ છે. જે આપણા પૂર્વજોએ મેળવી આપેલી થાપણ છે.

આધુનિક યુગમાં મોટી જવાબદારીઓ નિભાવતા ઉચ્ચ હોદ્દા કે સત્તા સ્થાને બેઠેલ વ્યક્તિઓ પોતાના સફળ સંચાલન માટે સલાહકાર રાખે છે અને દરેક ક્ષેત્રના તેમના અનુભવોનો ઉપયોગ કરે છે. અકબરના રાજ્યમાં બિરબલની ભૂમિકા પણ આવી જ હતી. આપણા યજ્ઞમાં પણ શિવબાબાએ આ કાર્ય બ્રહ્માબાબા દ્વારા કરાવ્યું. સૃષ્ટિ પરિવર્તનના કાર્યમાં યજ્ઞ વત્સોની વિશેષતા અને લૌકિક અનુભવોના આધારે જવાબદારી સોંપવામાં આવી. યજ્ઞના આદિ રત્નોના અનુભવના આધારે યજ્ઞ આજે આટલો વિકસિત થયો અને નિર્વિઘ્ન ચાલી રહ્યો છે. આદરણીય દાદી પ્રકાશમણિજીની એ વિશેષતા હતી કે તેઓ નાનામાં નાની વ્યક્તિના અનુભવને કાર્યમાં લગાડતા.

એક ઈમારતની મજબુતાઈ તેના પાયા પર આધારીત છે. વૃક્ષનું આયુષ્ય તેના મૂળની ઊંડાઈ પર નિર્ભર છે. સ્થાનની મહત્તા વર્ષો ઉમેરાતા વધે છે. કહેવાય છે ૧૦૦ વર્ષે તે તીર્થ બને છે. તેવું જ કંઈક માનવ જીવનનું પણ છે. શિવબાબા મુરલીઓમાં કહે છે બચ્ચે આધારમૂર્ત ભવ. અને આધારમૂર્ત એ બની શકે જેની પાસે અનુભવોનો ખજાનો હોય. આત્મા લાંબા સમયનો અભ્યાસી અને અનુભવી હોય અને તે જ અડગ, અચલ અને સ્થિર રહી શકે છે.

વ્યક્તિ જન્મથી મૃત્યુ પર્યંત વિભિન્ન અનુભવો સાથે જીવન વ્યતીત કરે છે. અર્થાત્ પોતાના પ્રત્યેક જન્મદિવસે જીવનમાં અનુભવોનું એક વર્ષ ઉમેરતો જાય છે અને આ અનુભવો માણસને જીવનના ક્યા મુકામે લાવી મૂકી દે છે તેની તેને ખબર પણ પડતી નથી. ખ્યાલ પણ નથી આવતો કે કાલચક્રમાંથી તેનું જીવન વ્યતીત થઈ રહ્યું છે કે પછી જીવનમાંથી સમય પસાર થઈ રહ્યો છે. પરંતુ વ્યતીત થયેલા દિવસોની યાદો કહો કે અનુભવ કહો, કદમ કદમ પર, ક્ષણે ક્ષણે અનુભવાતી ઘટનાઓ એક નવા જ અનુભવ માટે જાણે વારંવાર પ્રેરિત કરે છે અને લાગે છે કે આ અનુભવનો અહેસાસ જીવનને ભરપૂર કરી રહ્યો છે. ક્યારેક સુખદ તો ક્યારેક દુઃખદ.

મનના ઊંડાણમાં પ્રશ્ન થાય છે કે આ અનુભવ આખરે છે શું ? લાગે છે વર્તમાન અને અતીતમાં કરેલા કર્મો જ અનુભવના રૂપે આપણી સામે આવે છે. અર્થાત્ કર્મોથી તેનો સીધો સંબંધ છે. નવીનતા અને બદલાવ નવા અનુભવો કરાવે છે જે વ્યક્તિ જલદી સ્વીકારતો નથી. વસ્તુ, સાધન, વ્યક્તિ, સ્થાન અને આપણા વિચારોની સાથે અનુભવો બદલાતા રહે છે. સંકલ્પ અને વૃત્તિથી, વર્તન અને વાયુમંડળમાં પરિવર્તન આવે છે જે દ્વારા કાર્ય અથવા કર્મ બદલાય છે.

જીવનમાં અનુભવનું એક જ કારણ 'હા'

(Yes) અથવા 'ના' (No) છે અને પરિણામ સારું એટલે કે (Good) અને નરસુ એટલે કે (Bad) છે. વગર વિચારે માણસ ક્યારેક ક્યારેક જ્યાં 'હા' કહેવાની છે ત્યાં 'ના' અને જ્યાં 'ના' કહેવાની છે ત્યાં 'હા' કહી દે છે. ફળ સ્વરૂપ જીવનમાં એવા જ અનુભવો થાય છે. સામાન્ય વ્યવહારમાં કહેવાય છે કે જે કંઈ પણ કરો જરા સમજી વિચારીને કરજો. પરંતુ મોટા ભાગે વ્યક્તિ કરે છે પછી વિચારે છે અને પછી જ સમજાય છે જે અનુભવ રૂપે તેના ભાથામાં ઉમેરાય છે. જે જીવનને પ્રેરિત કરે છે અને તેના આધારે જ આપણે અન્યને પ્રેરણા આપવા નિમિત્ત બનીએ છીએ. શ્રેષ્ઠ અનુભવો બીજાને પ્રેરણા આપે છે. જે પ્રેરણા આપણને કોઈના વિચાર કે વાણીથી નથી મળતી તે અનુભવથી મળે છે. અને મોટા ભાગે આપણે અનુભવોને સાંભળવાના જ ઉત્સુક હોઈએ છીએ.

દુનિયામાં વ્યક્તિ, સ્થાન, કાર્ય કે કોઈ ટ્રેનીંગ વિશે અભિપ્રાય, પ્રતિભાવ અથવા તો અનુભવ વિશે પૂછવામાં આવે છે. સાચા અર્થમાં એ જ વાસ્તવિક પરિણામો છે. વ્યવસાયિક જીવનમાં તો અનુભવ વધતો જાય તેમ વ્યક્તિની કિંમત વધતી જાય છે. એ ઈચ્છનીય છે કે આપણા દ્વારા અન્યને સુખદ અનુભવ થાય. આપણા વિચાર, વર્તન કે વ્યવહારમાં કોઈ એવી વાત ન હોય જેનાથી અન્ય ને દુઃખદ અનુભવ થાય. ક્યારેક અનુભવો વ્યક્તિના જીવનમાં ઘણી ઊંડી છાપ છોડી જતા હોય છે જેની સારી અથવા માઠી અસર વ્યક્તિના જીવનમાં જોવામાં આવે છે. એટલે સ્થૂળ અને સૂક્ષ્મ રીતે પણ એ તરફ ધ્યાન રાખવું જરૂરી છે. ખાસ કરીને ક્યારે પણ કોઈના વિશ્વાસ અને ભરોસાને તોડવાનું પાપ ના કરીએ. આપણી ઈમાનદારી, વફાદારીને જાળવી રાખીએ. આપણા ઉપર અન્યને કરેલ ઉપકારોને કદી ન ભૂલીએ. આપણને મળેલ મદદ કે સહયોગની કદર કરતાં શિખીએ. એટલું જ નહીં, સમય પર તેનું રીટર્ન જરૂર કરીએ. આપણી ફરજોને સમજીએ અને અદા કરીએ. આ સંદર્ભમાં આપણા દ્વારા થયેલી નાની ભૂલ પણ તમને બીજાની નજરોથી ઉતારી દેવા કારણભૂત બની શકે છે. જેના પરિણામે આપણે ખુદ આપણી નજરોમાંથી ઉતરી જઈએ છીએ.

અનુભવથી નિશ્ચયમાં વૃદ્ધિ નિશ્ચિત છે અને નિશ્ચયથી અનુભવમાં દૃઢતા આવે છે. શ્રેષ્ઠ અનુભવથી આપણે ઉદાહરણમૂર્ત બની અન્ય આત્માઓને પ્રેરીત કરી શકીએ છીએ. જેના વડે તેઓ પરિવર્તન માટે સાહસ કરી શકે છે. અનુભવથી સ્પષ્ટીકરણ સહજ થાય છે. અનુભવથી ઓથોરિટી આવે છે. નશામાં વૃદ્ધિ થાય છે. નિશાન લક્ષ્ય પર અચૂક લાગે છે. આમ જીવનના ઘડતરનો આધાર અનુભવો છે. સંબંધ સંપર્કના વ્યવહાર થકી મનુષ્ય પોતાની સમજ, વલણ અને વિવેકના આધારે અનુભવોનું ભાથું એકઠું કરે છે. સ્વયંના વિચાર, વાણી અને વર્તનનું પણ ક્યારેક અવલોકન કરી તેમાંથી ઉપજેલા પરિણામોને અનુભવ રૂપે જીવનમાં અપનાવે છે. આવા સૂક્ષ્મ અનુભવો પણ નિર્ણયો લેવામાં મદદરૂપ બને છે. સ્નેહ-પ્રેમ, શાંતિ, આનંદ જેના અલૌકિક અનુભવ આત્માને અવિનાશી પ્રાપ્તિ કરાવી જાય છે. જે શાશ્વત અને અવિનાશી બની રહે છે.

શ્રેષ્ઠ સંકલ્પોનો અનુભવ સર્વોત્તમ હોય છે જે દ્વારા જીવનમાં ધાર્યા પરિણામો લાવી શકાય છે. આવા શુભ અને શ્રેષ્ઠ સંકલ્પો આપણને પરમાત્મા પાસેથી જ પ્રાપ્ત થાય છે. અમૃતવેળાની પરમાત્માની યાદથી આપણે એ મેળવી શકીએ. લાગે છે અનુભવી મૂર્ત બનવા માટેનો બાબાનો ઈશારો આ સંદર્ભમાં છે. એટલે જ બાબા હંમેશા બાળકોને વરદાન આપે છે પ્યારા બાળકો અનુભવી મૂર્ત ભવ. ॥ **ઓમશાંતિ** ॥

# DECLARATION

(Under Section-5 of the Press and Registration of Books Acts-1867)(Act No.25 og 1867)

I BK Ushaben B. Vajani declare that the printer BK Sarlaben R. Somaiya and I am the Publisher of the newspaper entitled GYAN AMRIT to be printed and published at AHMEDABAD and that particulars in respect of the said newspaper given here under are true to the best of my knowledge and belief.

| | | |
|---|---|---|
| 1) Title of the newspaper | : | GYAN AMRIT |
| 2) Language (s) in which it is (to be), published | : | GUJARATI |
| 3) Periodicity of its publication. | | |
| a) Whether a daily, tri-weekly, bi-weekly, weekly fortnightly, or otherwise. | : | Monthly |
| b) In the case of a daily, please state whether it is a morning or evening newspaper. | : | No applicable |
| c) In the case of a newspaper other than a daily, please state the days(s)/date(s) on which it is (to be) published. | : | 1st or 2nd date of every months |
| 4) Retail selling price of the newspaper per copy. | : | Retail price Rs. 10/- |
| a) If the newspaper is for free distribution, | : | ------ |
| b) If it has only an annual subscription and no retail price | : | Annul Subcription Rs. 100/- |
| 5) Printer's name | : | BK Sarla R. Somiya (Director-Brahma Kumaris, Gujarat) |
| Nationality | : | Indian |
| Address | : | Sukh Shanti Bhawan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380 022. |
| 6) Publisher's name | : | BK Ushaben B. Vajani |
| Nationality | : | Indian |
| Address | : | 1-Chaturbhuj Colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad-380 028. |
| 7) Place of publication (please give the complete postal address) | : | Prajapita Brahma Kumaris Ishwariya Vishwa Vidyalaya, 1- Chaturbhuj Colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad-28. |
| 8) Name(s) of the printing press(es) where the newspaper is actually printed and the true and precise description of the premises on which the press(es) is/are installed. | : | Shreedhar Printers Pvt. Ltd. J&K, Block No-4, Ravi Estate, Dudheshwar Raod, Dudheshwar, Ahmedbad-380 004. |
| 9) Editor's name | : | Prof. Dr. Kalidas Dhulabhai Prajapati |
| Nationality | : | Indian |
| Address | : | G. 2/22, Shivam Appartment, New Vadaj, Ahmedabad-380 013. |
| 10) Owner's name (s) | : | For, Prajapita Brahma Kumaries Ishwariya Vishwa Vidyalaya. |
| a) Please state the particulars of individual(s) or of the rm, Joint Stock Company, trust, co-operative society or association whichowns the newspaper. | : | Spiritual Organisation |
| b) Please state whether the owner owns any other newspaper, & if so, its name, periodicity, language and place of publication. | : | No |
| 11) Please state whether the declaration is in respect of — | | |
| a) a new newspaper, or | : | - |
| b) an existing newspaper | : | Yes |
| c) In case the declaration falls under item | : | Due to change Annual Subscription and Retail Price. |

**Place :** AHMEDABAD
**Date :** 01 February 2016

**BK Ushaben B. Vajani**
Publisher

Printed by BK Sarlaben R. Somaiya and Published by BK Ushaben B. Vajani for Prajapita Brahmakumaries Ishwariya vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd. J & K, Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad-380004 Published from Prajapita Brahmakumaries Ishwariya vishwa Vidyalaya, 1, Chaturbhuj colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad-380 028, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.






સુરત વાંકલ નવનિર્મિત સેવાકેન્દ્રનું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. પૂર્ણિમાબેન. કાર્યક્રમમાં આશીર્વચન આપતાં બ્ર.કુ. પૂર્ણિમાબેન, જીલ્લાપંચાયતના સદસ્ય ભ્રાતા ચંદુભાઈ, વિદ્યાસંકુલના ઉપાચાર્ય ભ્રાતા સુભાષભાઈ શાહ, બ્ર.કુ. તૃપ્તિબેન સાથે આમંત્રિત મહેમાન ભાઈ–બહેનો.



દમણ ખાતે 'અલવિદા તનાવ' કાર્યક્રમમાં આહુતિ આપતાં ઈસાઈ ધર્મનાં ફાધર, પારસી સમાજના અસ્પીભાઈ, સત્યનારાયણ મંદિરના સ્વામી કૌશિક મહારાજ, બ્ર.કુ. પૂનમબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. રોહિતભાઈ.



આણંદમાં 'સ્વસ્થ અને સુખી જીવન' કાર્યક્રમમાં એગ્રીકલ્ચર યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ભ્રાતા મનોજભાઈ, લાયન્સ ક્લબના ચેરમેન શ્યામભાઈ, પ્રો. ઈ.વી.ગીરીશભાઈ, બ્ર.કુ. દીપાબેન, બ્ર.કુ. ગીતાબેન.



રાજકોટ રવિરત્ન ખાતે 'અલવિદા ડાયાબિટીસ'કાર્યક્રમમાં બ્ર.કુ. નલિનીબેન, HIV Dept.ના ડૉ. આરતીબેન, ડૉ. હરેશભાઈ, ડૉ. બાદલભાઈ.



વહેલાલ ખાતે આયોજીત 'સ્નેહમિલન' પ્રસંગે બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. ઈન્દુબેન અને બ્ર.કુ. આરતીબેન.



સોનગઢમાં 'નિસર્ગ થેરાપી સેન્ટર'ના શુભારંભ પ્રસંગે ડૉ. દત્તુભાઈ તથા અગ્રણી વ્યાપારી ભ્રાતા દિલીપભાઈ ચૌધરીને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. સુભદ્રાબેન.




અમદાવાદ રામોલ ખાતે 'મેડિકલ કેમ્પ'માં બિલ્ડર ભ્રાતા રાજુભાઈ, કૉરપોરેટર અતુલભાઈ, ડૉ. ભરતભાઈ, ડૉ. અતુલભાઈ, યુવક મંડળના સભ્ય ભ્રાતા શૈલેષભાઈ, બ્ર.કુ. નંદાબેન, બ્ર.કુ. ટવીન્કલબેન.

Gyan Amrit Vol.9 | Issue 2 | February 2016 | Retail Price - 10/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2014-2016 Vaild up to 31st December-2016 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.




મણિનગર ગ્રુપ સેવાકેન્દ્રોની સંગઠીત યોગ તપસ્યા ભઠ્ઠીના ઉદ્‌ઘાટન બાદ બ્ર.કુ. ઉષાબેન (મેનેજમેન્ટ ટ્રેનર), બહુચર પાર્ટી પ્લોટના માલિક ભ્રાતા ચિરાગભાઈ, કઠવાડા ગામના સરપંચ ભ્રાતા ગણેશભાઈ, બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. નેહાબેન તથા બ્રહ્માવત્સો.



અમદાવાદ સુખશાંતિ ભવન ખાતે સ્નેહમિલનમાં રાજયોગિની સરલાદીદી, ગુજરાત રાજ્ય સીનીયર સીટીઝન ફેડરેશનના પ્રમુખ ભ્રાતા ઈન્દ્રવદનભાઈ, મણિનગર સીનીયર સીટીઝનના પ્રમુખ ભ્રાતા ચીમનભાઈ, મેટ્રો સીટીઝનના વાઈસ ચેરમેન ઓચ્છવલાલભાઈ તથા લેખિકા ભગિની વીણાબેન શેઠ.



અમદાવાદ લોટસહાઉસ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજયોગિની સરલાદીદી, Govt. of Gujaratનાં ચીફ સેક્રેટરી ભ્રાતા જી.આર.અલોરીયા IAS, તાજ હૉટલનાં ઑનર ભ્રાતા ઉમેદસિંહ ચંપાવત, NCCના Addi. Director General મેજર જનરલ સંજીવ શુકલા તથા બ્ર.કુ. સુધાબેન.



રાજકોટમાં ભારતીય ક્રિકેટ ટીમના ક્રિકેટર ભ્રાતા ચેતેશ્વર પુજારાને માઉન્ટ આબુના કાર્યક્રમનું ઈશ્વરીય નિમંત્રણ આપતાં બ્ર.કુ. કૃપલબેન.




મુંબઈ લીબર્ટી ગાર્ડન ખાતે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમમાં આસી.મ્યુ. કમીશનર ડૉ. સંગીતાબેન, અધ્યક્ષશ્રી વિનોદભાઈ, બ્ર.કુ. કુંતીબેન.